Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૧૭ • તા. ૨૫ એપ્રિલ ૨૦૧૬ થી ૦૧ મે ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી મોમાઈ માતાજી મોમાયા પરિવાર (સાંયરા) મુંબઈ મધ્યે છઠ્ઠી સમુહ પહેડીની આછેરી ઝલક રવિવાર, તા. ૧૭/૪/૨૦૧૬

















અહેવાલ ૮મા પાને

# શ્રી અરિહંત કો. ઓપ. બેંક લી. ડાયરેક્ટરની ચૂંટણી ૨૦૧૬-૨૦૨૧

# SHRI ARIHANT CO-OP. BANK LTD. DIRECTOR'S ELECTION 2016-2021

**PLEASE VOTE FOR EXPERIENCED AND DYNAMIC CANDIDATE SHAH GULAB D. (DHARAMSHI)**

**કૃપયા અનુભવી અને ગતીશીલ ઉમેદવાર શાહ ગુલાબ ડુંગરશી (ધરમશી)ને મત આપો**

**SR. No.**

**12**

**SYMBOL**





## શાહ ગુલાબ ડુંગરશી (ધરમશી)

મુલુંડ, મુંબઈ – સાંધાણ, કચ્છ
(ઈન્શુરન્સ – ફાયનાન્સ એડવાઈઝર
તેમજ ફોરચ્યુન રીયાલીટી નામે કન્ટ્રક્શનનો બિઝનેસ)

## SHAH GULAB DUNGARSHI (DHARAMSHI)

Mulund, Mumbai - Sandhan, Kutch
**Insurance - Finance Advisor**
**& Fortune Realty Construction Business**

• અરિહંત બેંકના વર્તમાન બોર્ડ ઓફ ડાયરેક્ટર હોવા સહિત ૨૦૦૧ થી ૨૦૧૬ ની ૧૫ વરસ સળગ મુદત માટે બેંકના ડાયરેક્ટર • શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ-મુંબઈના ભૂતપૂર્વ પ્રમુખ • શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન સાંધાણના સેક્રેટરી • શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ ની વ્યવસ્થાપક સમિતિના સભ્ય (૨૦૧૦-૨૦૧૫) • ઓલ ઈંડીયા ઈન્શુરન્સ અસોસીયેશના ભૂતપૂર્વ સેક્રેટરી

• DIRECTOR IN PRESENT BOARD OF SHRI ARIHANT CO-OP. BANK, DIRECTOR SINCE (2001) FOR CONTINUOS 15 YEARS • EX-PRESIDENT OF SHRI KDO STUDENT ASSOCIATION MUMBAI • SECRETARY OF KUTCHI DASHA OSWAL JAIN MAHAJAN - SANDHAN • COMMITTEE MEMBER OF KDO JAIN GNATI MAHAJAN MUMBAI (2010-2015) • EX ALL INDIA INSURANCE AGENT ASSOCIATION SECRETARY M.D.O.II

**WELL WISHERS**

**NAYAN BHEDA** (NEPTUNE GROUP)
**JAYANT B. SONI** (JOY GROUP)
**KALPESH MOTA** (JASH MERCANTILE LLP)
**JAYESH JAIN** (EXIM GROUP)
**KIRIT LAPASIA** (U. M. KHONA & COMPANY)
**PRATAP C. LODAYA** (VIKAS CONSTRUCTION)

**HEMANG DHARAMSHI** (AND)
**BHUPENDRA DAND** (BHUMIRAJ)
**SHAMJI N. DAND** (MAHAVIR SHIPPING)
**PRAVIN LODAYA** (H.V. & COMPANY)
**CHIMAN MOTA** (TANMAN TOURS)
**SANJAY N DHARAMSHI** (PUNE)

| | | | |
|---|---|---|---|
| R.K. SHAH (TIKITAR) | JAYANT CHHEDA | CHETAN MOTA | RAJENDRA M KHONA |
| SAMEER NAGDA | BIPIN NAGDA | VIRENDRA LODAYA | RAICHAND JIVANI |
| PARAS P MAISHERI | GOVINDJI PATEL | SANJAY AJANI | ARVIND LODAYA |
| RAJUL BHADRESH PATEL | JIVRAJ LODAYA | HARISH SHIYAL | RAMESH LODAYA |
| KULIN LUTHIA | DINESH PIR | CHETAN JAIN | VIRCHAND LODAYA |
| (MANAV JYOT) | MALTI H DHARAMSHI | NIPESH PATEL | CA DINESH RATHI |
| KUMAR DAND | CA RAJESH CHEDDA | DHIREN SAVLA | KISHOR B. NAGDA |
| HIRALAL DAGHA | CA DHANESH MOMAYA | PRAVIN PATEL | HITEN LODAYA |
| KALYANJI CHEDDA | CA N B SHAH | TEJAS LALKA | VIPUL KHONA |
| VEENA NAGDA | CA MANIKANT NAGDA | PARAS PATEL | SACHIN BAPAT |
| DEVEN DHARAMSHI | CA SUMAN LODAYA | HITESH LODAYA | (ARCH.) |
| PANKAJ DHARAMSHI | PRAFUL MAISHERI | BHUPENDRA DAGHA | BHAGWATI JAIN |
| NARENDRA DHARAMSHI | MUKESH LODAYA | VIJAY DHARAMSHI | MANOJ LODAYA |
| ASHOK M DAND | TILAK J MAISHERI | JAYANTI MAISHERI | SOMCHAND LODAYA |
| SANDIP SHAH | PRATAP DHARAMSHI | NILESH VIRA | MAA OM |
| KIRAN BHEDA | (PP OIL) | PRAFUL C MOTA | LERIN KHONA |
| LAXMICHAND L POLADIA | VIPUL PATEL | BHARAT JIVANI | PRAFUL MAISHERI |

**DATE : 30TH APRIL 2016, SATURDAY • TIME : 8 A.M. TO 5 P.M.**
**PLACE : PARAG VIDYALAYA, SHIVAJI TALAO, BHANDUP (WEST), MUMBAI-78.**

**NOTE : YOU CAN GIVE MINIMUM ONE VOTE AND MAXIMUM TEN IN GENERAL CATAGERY**
**FEMALE RESERVE SEAT - MINIMUM ONE AND MAXIMUM TWO**

આદ્યતંત્રીઓ
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

: તંત્રી :
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

સમિતિ સભ્યો
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

અંક નં. 17/2016

: કાર્યાલય :
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

# સમસ્તની મહાસમિતિમાં શ્રેષ્ઠ આગેવાનો મોકલવાના હક્ક અને ફરજ હવે મુંબઈના જ્ઞાતિજનોના

મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિ દ્વારા સમસ્ત મહાજનની એપ્રિલ ૨૦૧૬ થી પાંચ વર્ષની મુદતની મહાસમિતિ માટે નિયુક્ત થયેલ ૬૬ સભ્યોની સભા, તેમનામાંથી સમસ્ત મહાજન ટ્રસ્ટ બોર્ડ પર મોકલવાના ૧૧ ટ્રસ્ટીઓને ચૂંટવા કે નીમવા માટે મળેલ તેમાં જે કાર્યવાહી થઈ તે પરથી મુંબઈના જ્ઞાતિના આગેવાનોની અભી બોલા અભી ફોક જેવી વર્તણુક જોવા મળી તે ખરેખર આશ્ચર્યજનક છે.

આ સભામાં મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિ વતી સેક્રેટરીએ સમસ્ત મહાજનના ટ્રસ્ટબોર્ડમાં મોકલવા માટેના ૧૧ નામો રજૂ કર્યા જેમાં ૬ એક નામો એવા હતા જે અત્યારે અનંતનાથજી ટ્રસ્ટબોર્ડ અને મુંબઈ મહાજનના પદાધિકારી - સમિતિ અધ્યક્ષ રૂપે છે. બે નામ સમસ્ત મહાજનની ૨૦૧૦ - ૨૦૧૫ની મુદતની મુંબઈવતી મેનેજીંગ ટ્રસ્ટી અને સેક્રેટરી જનરલનો હોદો ભોગવનાર તથા એકનામ તે વખતના ટ્રસ્ટબોર્ડના સભ્યનું જેમની પાસેથી તેમને મોટી આર્થિક સહાયની અપેક્ષા હોય તેવું એમ મળી નવ નામ એક યા બીજા અર્થમાં જૂથ કે જૂથ સહયોગીના હતા માત્ર બે નામ અન્ય હતા.

આ યાદીમાંથી સમસ્ત મહાજન ૨૦૦૭માં પુનઃપ્રવૃતિ થયું ત્યારથી તેની સાથે જોડાયેલા મહાનુભાવોના નામોનો પણ સમાવેશ કરવાનું સૌજન્ય બતાવાયું નહોતું તેથી પ્રથમ સેક્રેટરી જનરલે જ કહ્યું કે આવી રીતે મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિ પોતાના નામો મોકલાવી શકે નહીં પરંતુ અહીં એકત્રિત સભ્યોમાંથી જેમને ઉમેદવારી કરવી હોય તેઓ પણ ઉમેદવારી નોંધાવી શકે એ રૂએ પોતે ઉમેદવારી નોંધાવે છે.

એ પછી સભામાં બીજા પાંચ સભ્યોએ ઉમેદવારી નોંધાવી. અને ચૂંટણી ટાળવા જેમને સ્વેચ્છાએ નામ પાછા ખેંચવા હોય તેઓ ખેંચે એવી કવાયત શરૂ થઈ. વર્તમાન સેક્રેટરી જનરલે સૌ પ્રથમ પોતાનું નામ પાછું ખેંચ્યું, એ પછી પીઢ ગણાતા બે સભ્યોએ પણ નામ પાછા ખેંચ્યા એટલે પ્રશ્ન ઊભો થયો કે આમ જો અનુભવીઓ ઉમેદવારી પાછી ખેંચશે તો વરિષ્ઠ સંસ્થા વ્યવસ્થિત ચાલશે ખરી ?

આ તબક્કે મુંબઈ મહાજન અને અનંતનાથજી ટ્રસ્ટમાં ગત ૨૦૧૦-૨૦૧૫ની ટીમમાં મુખ્ય પદાધિકારીઓમાંના એક સભ્યે સભામાં મુદ્દો ઉપસ્થિત કર્યો કે સભામાં ઉપસ્થિત સભ્યો તેમજ અન્યો જેમનો ઉક્ત ૬૬ નામોમાં સમાવેશ થયો હતો તે સર્વેની નિમણુંક જ ગેરબંધારણીય છે તેનું કારણ એ છે કે આ ૬૬ સભ્યો મુંબઈ મહાજનના બંધારણની રૂએ તેની સર્વ સાધારણ સભા દ્વારા નિયુક્ત થવા જોઈએ.

આ મંતવ્યની સામે મુંબઈ મહાજનશ્રીના એક પદાધિકારીએ બંધારણની અમુક કલમો ટાંકી પોતાનો અભિપ્રાય આપ્યો કે વ્યવસ્થાપક સમિતિને ઉક્ત ૬૬ સભ્યોની નિમણુંક કરવાનો હક છે. આ પછી અન્ય પીઢ આગોવાનો પણ ચર્ચામાં જોડાયા અને તેની ફલશ્રુતિરૂપે મુંબઈ મહાજનના પ્રમુખશ્રીએ સ્વીકાર્યું કે આખી વસ્તુસ્થિતી મુંબઈ મહાજનની સામાન્ય સભા સમક્ષ લાવવામાં આવશે.

આમ મુંબઈ મહાજનના પ્રમુખશ્રીએ ભલે સમાધાનલક્ષી અભિગમ લીધો પરંતુ આ પહેલાં ઉક્ત નિમણુંકો, વ્યવસ્થાપક સમિતિ દ્વારા કરવામાં આવી તેને લીધે મુંબઈ મહાજનોના કેટલાક વર્તુળોમાં એવી ટીકા થયેલ કે મુંબઈ મહાજનના પદાધિકારીઓએ જનરલની સત્તા છીનવી જેમાં પોતાના જ ગ્રુપના લોકો હોય તેવી વ્યવસ્થાપક સમિતિને આ નામો નક્કી કરવાનું સોપ્યું અને ૬૬માંથી ૪૦ નામ પોતાના જ ને પોતાના જ રાખ્યા તે બતાવે છે કે વકરેલા ગ્રુપવાદને કારણે આ લોકો મહાજનની વ્યવસ્થા કરવાના અધિકારનો દુરુપયોગ કરવા લાગ્યા છે.

આ ટીકામાં જેટલું વજુદ છે તેટલું જ વજુદ ઉક્ત ચર્ચામાં જોડાયેલા સૌ આગેવાનો અને ઉક્ત મુદ્દો ઉઠાવનારાઓની અભી બોલા અભી ફોક જેવી રાજકારણી દાવપેચની રીત રસમની ટીકા થાય તેમ છે.

ગત ૨૭ માર્ચના સમસ્ત મહાજનની ભૂતપૂર્વ મહાસમિતિની સભા પણ અને વર્તમાન

મહાસમિતિની પૂર્વ તૈયારી રૂપે મળેલ બેઠકમાં ઉક્ત ૬૬ સભ્યોમાંથી ઘણા ખરા સભ્યો ઉપસ્થિત હતા અને તે બેઠકમાં તેમણે તેમની નવનિર્વાચિત મહાસમિતિમાં કરાયેલ નિમણુંકને બહાલી આપતા નિર્ણયનું સમર્થન કરેલું અને હવે ત્રણેક સપ્તાહ પછી હવે મુંઈ મહાજનના ઉક્ત પ્રતિનિધિઓની સભામાં ઉક્ત (પોતાની જ) નિમણુંક ગેરબંધારણીય છે તેવું વલણ અખત્યાર કર્યુ તે બતાવે છે કે મુંબઈના આગેવાનોમાં એકબીજાને પછાડવાની વૃત્તિ કેવી તીવ્ર છે.

આમ મુંબઈ મહાજનના વર્તમાન પદાધિકારીઓ તથા વ્યવસ્થાપક સમિતિ કફોડી સ્થિતિમાં મૂકાયા છે તેને વધુ મહત્ત્વ ન આપીએ તો પણ સમસ્ત મહાજનના ટ્રસ્ટબોર્ડ તથા પદાધિકારી નક્કી કરવાની પ્રક્રિયા કેટલી લાંબી ચાલશે અને તે પછી પણ સારા પરિણામ લાવી શકાશે કે કેમ તે અંગે પ્રશ્નાર્થ ચિન્હ મૂકાવાની સાથે સાથે ખુદ સમસ્ત મહાજનના અસ્તિત્વ


| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.


ઉપરાંત મુંબઈ મહાજન અને અનંતનાથજી ટ્રસ્ટના સંચાલન - વહીવટ બાબતે પણ ઘેરી અનિશ્ચિતતા સર્જાઈ છે.

સમસ્ત મહાજનની મહાસમિતિમાં મોકલવાના ૬૬ પ્રતિનિધિ નક્કી કરવાનો મુદો હવે મુંબઈ મહાજનની સર્વસામાન્ય સભા સમક્ષ આવશે.

૧૮ એપ્રિલની ઉક્ત સભામાં જે બન્યું તેની પાછળ મુંબઈના તખ્તા પર ૨૦૧૦-૨૦૧૫ દરમ્યાન મહાજન અને ટ્રસ્ટમાં દોર સંભાળનાર જુથનો દોરી સંસાર હોય તેવી વ્યક્ત થઈ રહેલ સંભાવના તદન બીન પાયાદાર નથી . જો એમ હશે તો નિયુક્ત થનાર ૬૬ સભ્યોમાં મુંબઈ મહાજનના વર્તમાન પદાધિકારીઓ સાથે સંકળાયેલાઓનું પ્રમાણ ઘટે તથા અન્ય જૂથના સભ્યોનું પ્રમાણ વધે અને તેને કારણે ટ્રસ્ટબોર્ડમાં મુંબઈ મહાજનના વર્તમાન પદાધિકારીઓની પસંદગીના ટ્રસ્ટીઓનું પ્રમાણ ઘટે તેમ થવાની શક્યતા વધારે છે.

જો આ પ્રક્રિયાથી પ્રવેશેલા નવા સભ્યો સમસ્ત મહાજન અને સમગ્ર જ્ઞાતિનું હિત ધ્યાનમાં રાખીને કામ કરે તો ઉલ્ટાની સંસ્થાની કામગીરી સુધરશે પણ જો તેઓ પણ મુંબઈ મહાજનના વર્તમાન પદાધિકારીઓએ જેમ પોતાના જૂથનું વર્ચસ્વ વધવાની દૃષ્ટિ રાખી તેવી દૃષ્ટિ રાખશે તો આવનારા સમયમાં સમસ્ત મહાજનના ટ્રસ્ટબોર્ડ સ્તરે ટકરાવ વધશે એટલું જ નહીં તે ટ્રસ્ટબોર્ડની સરળતાથી જ્ઞાતિહિતના નિર્ણયો લેવાની શક્તિમાં બાધારૂપ પણ નીવડશે.

જ્ઞાતિમાં સમસ્ત મહાજન જેવી કેન્દ્રીય સંસ્થાની ઉપયોગિતા કે સાર્થકતાનો પ્રશ્ન હજી પણ પ્રસ્તુત રહ્યો જ છે તેની ચર્ચા અત્રે અસ્થાને ગણીએ તો પણ મુંબઈના જ્ઞાતિજનોએ મુંબઈ મહાજનના સમસ્તની મહાસમિતિના પરના સભ્યો મોકલવાની બાબતે સ્વતંત્ર બુધ્ધિથી જ સમસ્ત જ્ઞાતિના હિતાનું ધ્યાન રાખતા પ્રતિનિધિઓ ચૂંટવા સર્તકતા દાખવવી પડશે તે નિર્વિવાદ છે.

બાકી ઉપર વ્યક્ત કરેલ સંભાવના સાચી પડશે તો મુંબઈમાં સમાજ જીવનમાં ટકરાતા જૂથો પોતપોતાની વગ વાપરી મુંબઈ મહાજનની સભામાં ટોળા ભેગાં કરશે અને જે વધુ મોટું ટોળું ભેગું કરી શકશે તે જ પોતાનું વર્ચસ્વ રાખી અને જાળવી શકશે તેવું બનશે સિવાય કે મુંબઈના નિષ્પક્ષ જ્ઞાતિ અગ્રણીઓ આ સભામાં ઉપસ્થિત રહે અને મુત્સદગીરીનો ઉપયોગ કરી સુયોગ્ય ઉકેલ લાવે જેથી આવી જુથબંધી અને કટૂતા દૂર થાય.

મુંબઈ મહાજનની સર્વસાધારણ સભાઓમાં સામાન્યરીતે હાજરી ઓછી હોય છે પણ જો મુંબઈના જ્ઞાતિજનો સમસ્તમાં તેમનું પ્રતિનિધિત્વ સમસ્ત જ્ઞાતિને આવરી લેતી દૃષ્ટિવાળા લોકો કરે એવું ઈચ્છે છે તેની પ્રતીતિ પોતાને અને દેશાવરના જ્ઞાતિજનોને કરાવવા માટે પણ ઉપયુક્ત સક્રિયતા દાખવવી પડશે.

આશા રાખીએ કે મુંબઈના જ્ઞાતિજનો એવી રીતનું વર્તન કરશે કે સમગ્ર પરિસ્થિતિને હકારાત્મક વળાંક મળે અને અરાજકતા ઘટે.


# સ્તન કેન્સર બાબતે જાગરૂકતા માટે

# નિ:શુલ્ક વિશેષ કેમ્પ

## સમસ્ત કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિની બહેનો, દિકરીઓ આ કેમ્પનો લાભ લઇ શકશે.

સમય સર નિદાન - સુયોગ્ય નિવારણ

ઘણીવાર એવું બને છે કે કેન્સર થયાની કે હોવાની જાણ એવા સમયે થાય છે કે જ્યારે (૩ જા કે ૪ થા સ્તરે) એની સારવાર દર્દીનો જીવ બચાવી શકાય એ રીતે શક્ય નથી હોતી... પરંતુ જો સમયસર નિદાન થાય તો યોગ્ય સારવાર દ્વારા વ્યક્તિને કેન્સર મુક્ત કરી શકાય છે.




એ દિશામાં પ્રયાસ કરીને આપણા સમાજની મહિલાઓમાં જાગૃતિ જગાડવાના ઉદ્દેશ્યથી સ્તન કેન્સર જાગૃતિ અભિયાન તથા વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું છે. કેન્સર વિશેષજ્ઞ તબીબ દ્વારા નિ:શુલ્ક તપાસણી, નિદાન અને નિવારણ બાબતે માર્ગદર્શન. જો ડોક્ટર દ્વારા ભલામણ થાય તો મેમોગ્રાફી ટેસ્ટ પણ કરાવી આપવામાં આવશે.

આ માટે મુંબઇના સુવિખ્યાત કેન્સર નિષ્ણાત

**ડૉ. શ્રી બોમન ધાબર**

CARE COMPASSION & CONCERN
B.N.D. Onco Centre
Specialised centre for oncology treatment

વિગતવાર માહિતી તથા જરૂરી માર્ગદર્શન આપશે.

**એન. કે ધાબર કેન્સર ફાઉન્ડેશન**

N K DHABHAR CANCER FOUNDATION

**રવિવાર**

તા. ૧૨.૦૬.૨૦૧૬

**સમય :**

સવારે ૧૦:૦૦ થી ૨:૦૦ સુધી

**સ્થળ**

**સંસ્કાર ગુરૂકુલ**

આશા નિવાસ, સુભાષ રોડ,
વિષ્ણુ નગર,
ડોંબિવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨.

SHETH SHRI NARSHI NATHA MEDICAL TRUST & SHREE K.D.O. JAIN GNATI MAHAJAN, MUMBAI

:: સંયોજક ::

## શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ

**નામ નોંધાવવા માટે સંપર્ક**

| | | | | |
|---|---|---|---|---|
| હેમંત ધુલ્લા | જાસ્મીન સાયલા | હરીશ સાયલા | અરવિંદ લોડાયા | ટોમેશ નાગડા |
| ૯૯૨૦૫૫૬૨૭૦ | ૮૪૫૨૮૨૧૪૨૫ | ૯૦૭૬૪૫૨૨૪૩ | ૯૮૬૭૦૨૫૩૭૫ | ૯૮૬૯૦૪૯૯૫૧ |

| | |
|---|---|
| મુંબઇ મહાજન કાર્યાલય : યોગેશ કુરૂવા | શ્રી ક.દ.ઓ. મંડળ - ડોંબિવલી |
| ૨૩૪૪૮૨૭૪ (મસ્જીદ બંદર) | ૦૨૫૧-૨૮૬૨૧૩૮ (ડોંબિવલી) |


**વહેલા તે પહેલાના ધોરણે માત્ર ૧૦૦ નામો લેવામાં આવશે.**

# શ્રી અરિહંત બેંક ના માનનીય સભાસદોને નમ્ર અપીલ. પાંજી બેંક – અરિહંત બેંક

## આપણી અરિહંત બેંકને નં. ૧ કો.ઓપ. બેંક બનાવવાનો સંકલ્પ કરનારા ઉમેદવારો

| | |
|---|---|
| **ક્રમાંક – ૧૦ મોમાયા કિરણકુમાર નારાણજી**<br>(સુથરી-ભાંડુપ) M.Com. | **ક્રમાંક – ૧૩ સોની પ્રમોદ હંસરાજ (પ્રમોદ સર)**<br>(સુથરી-ભાંડુપ) M.Com. (Accounts), B.Ed |
| **ક્રમાંક – ૦૨ ડાઘા જયકુમાર હરીશ**<br>(વરાડીયા-ભાંડુપ) M.B.A. (Finance) | **ક્રમાંક – ૦૩ પોલડીયા મનીષા મણિકાંત**<br>(રંગપુર-ડોંબિવલી) B.Com., L.L.B., L.L.M. Ladies Reserve Seat |

**આ ઉમેદવારોનું ચૂંટણી ચિહ્ન – Ship (વાહણ)**



**ચૂંટણી ની તારીખ : ૩૦ એપ્રિલ, ૨૦૧૬**
**સમય : સવારે ૮.૦૦ થી સાંજના ૫.૦૦ સુધી**
**મતદાન કેન્દ્ર : પરાગ વિદ્યાલય, ટેંક રોડ, ભાંડુપ (વેસ્ટ)**

**સુજ્ઞ મહાશય,**

**આપને સુવિદિત હશે કે વર્ષ ૨૦૧૬-૨૦૨૧ ના સમયગાળા માટેની ડારેક્ટરોની ચૂંટણી તા. ૩૦મી એપ્રિલ ૨૦૧૬ને શનિવાર ના દિને યોજાયેલ છે. આપણાં વડીલોનાં પરસેવા વડે સિંચાયેલ, નામી - અનામી અનકે કાર્યકરોની ધગશ અને અથાગ પરિશ્રમ થી ઉભી થયેલ અને શ્રીમાન શ્રી પ્રવિણભાઈ દેવજી ખોના, ટી.એમ. ગોસર, પ્રેમચંદ સોનાવાલા, કુમારભાઈ દંડ જેવા બાહોશ, કર્તવ્યનિષ્ઠ અને પ્રમાણિક જ્ઞાતિજનો ની દૂરદંશી અને જહેમત ના કારણે પ્રતિષ્ઠિત કો. ઓપ. બેંક ગણાતી આપણી આ પાંજી બેંક ના ઉજ્જવળ ભવિષ્ય, જબરદસ્ત પ્રગતિ અને વિકાસ માટે ઉચ્ચશિક્ષિત અને ઉચ્ચ ઉદ્દેશ્યો ધરાવનારી ટીમ કે જે સમવિચાર ધરાવતાં નીચે જણાવેલ ચાર સ્વતંત્ર ઉમેદવારો ની બનેલી છે તેને ભારે બહુમતિ થી ચૂંટી આપણી બેંક ને ટોંચનાં સ્થાને લાવવા માટે પ્રયત્નશીલ ટીમ પર પસંદગી ઉતારવાં આપ સૌ ને નમ્ર અપીલ.**

## શુભેચ્છકો

**મસ્જીદ બંદર**
રાજેશ રાયચંદ છેડા
શાંતિલાલ શામજી લોડાયા
વિરચંદ મૈશેરી (ટિકીટવાલા)
પ્રફુલભાઈ વિસનજી નાગડા (તારવાલા)
તારાચંદ ધનજી ધરમશી
ઉત્તમચંદ જી. મૈશેરી

**વડાલા**
લક્ષ્મીચંદ ધારશી મોતા
દિનેશ પીર
અશોક ઝવેરી

**માટુંગા**
ગોવિંદજી ખીમજી દંડ (મંગલભા)
રવિન્દ્ર ગોવિંદજી ખોના
નારાણજી લાલજી ખોના પરિવાર

**ઘાટકોપર** (GVC)
કાન્તાબાઈ ગોવિંદજી અજાણી પરિવાર
કાંતિલાલ નરશી દંડ
કલ્યાણજીભાઈ છેડા
ચેતન હંસરાજ મોમાયા
નરેશ ભવાનજી શાહ
કિરીટભાઈ લાપસીયા
સમીરભાઈ નાગડા
રાજેશ લક્ષ્મીચંદ લોડાયા
ચીમનભાઈ છેડા

સંજય રતિલાલ અજાણી
ધનપતિ ગોવિંદજી લોડાયા
અભયકુમાર ફતેચંદ નાગડા
કિશોર શામજી છેડા
અનિલ કુંવરજી ધુલ્લા
લહેરચંદ કુંવરજી છેડા
દિનેશ ચાંપશી છેડા
જયશ્રી રાજેશ પીર
પ્રતાપ મુલજી પીર
હિરેન વિશનજી નાગડા
રમેશ ઉમરશી મૈશેરી
મુલચંદ ઉમરશી મૈશેરી
પરેશ ઝવેરચંદ નાગડા
હિતેશ મણિકાંત ધરમશી
હીરાચંદ શામજી દંડ (શાહ)
સુમન શિવજી લોડાયા
પદમભાઈ પોલડીયા
કિરીટભાઈ કુરુવા
કિરીટભાઈ લાપસીયા (ચેંબૂર)

**કાંજુરમાર્ગ**
પ્રતાપ મુલજી પીર
વિનયભાઈ મોમાયા

**મુલુંડ**
પ્રવિણભાઈ હંસરાજ લોડાયા
શામજીભાઈ નરશી દંડ
નયન અશોક ભેદા
ઉત્તમભાઈ જી. મૈશેરી

જયેશભાઈ જૈન
ભદ્રેશભાઈ પટેલ
ગોવિંદજીભાઈ પટેલ
વિરેન્દ્ર ભવાનજી લોડાયા
ડૉ. રાજેન્દ્ર કુરુવા
દિનેશ ભઠારા
ચેતન શાંતિલાલ ડાઘા
ચીમનભાઈ મોતા
રમેશ મુલજી લોડાયા
વિનોદ વિરચંદ ડાઘા
મોતીચંદ લાલજી ખોના
દામજી ચાંપશી છેડા
રમેશ ઉમરશી મૈશેરી
સુર્યકાંત હીરજી દંડ
ગુલાબ ગોવિંદજી ચુરલા
રાજેન્દ્ર ગોવિંદજી ચુરલા
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
હંસકુમાર શામજી દંડ (શાહ)
દિનેશ રામજી લોડાયા
પુષ્કર દામજી મોમાયા
ભરત હંસરાજ મોમાયા
બીપીન નરશી છેડા
રાયચંદ કાનજી ધુલ્લા
નિતીન ત્રિકમશી ધરમશી
દિક્ષીબેન મોમાયા

**ભાંડુપ**
ભાંડુપ જૈન સંઘ
નારી શક્તિ
કુમારભાઈ બાબુલાલ દંડ
કુંવરજી હરશી લોડાયા
હિરાચંદ વિશનજી નાગડા
કિશોર દામજી મોતા
લહેરચંદ રતનશી ડાઘા
દિનેશભાઈ વિસનજી દંડ
ચીમનભાઈ નાગડા
અનંત મિત્ર મંડળ
લહેરચંદ વેલજી મૈશેરી
મનોજ દામજી લોડાયા (5 Star Caterers)
વિપુલ પોલડીયા

**પશ્ચિમનાં પરાં**
હેમાંગ રાયચંદ ધરમશી (વરલી)
પદમશીભાઈ લધુભાઈ સોની (જૂહુ)
જયંતિભાઈ ભવાનજી સોની (જૂહુ)
તરુણભાઈ ધરમશી (જૂહુ)
અશોક વેરશીભાઈ મોતા (અંધેરી)
વીણાબેન નાગડા (ગ્રાન્ટરોડ)
ચેતન માણેકચંદ્ર ખોના (ગોરેગાંવ)

**નવી મુંબઈ**
હંસાબેન હિરાચંદ પટેલ (ઐરોલી)

**ડોંબિવલી**
કુલીનકાંત પીર
પારસભાઈ પટેલ
દામજી નરશી ધ્રોડ પરિવાર
મુકેશ ભવાનજી લોડાયા (ચિંતન ગ્રાફિક્સ)
ભરત જીવાણી
સનત કુંવરજી ખોના
વિરચંદ ભવાનજી છેડા
ચેતન લહેરચંદ નાગડા
લાલજી વેલજી લોડાયા
રાયચંદ દેવશી જીવાણી
પ્રફૂલ આણંદજી લોડાયા
ઝવેરચંદ મૂલજી પટેલ
મયૂર ચાંપશી નાગડા
હરીશ ખીમજી મોમાયા
નરેન્દ્ર જેતસી શિઆલ
હરીશભાઈ કરમશી પોલડીયા
વિજય સોની
અજય શિયાડ
કમલેશ શિયાડ

## પાંજી બેંક - અરિહંત બેંક ડાયરેક્ટર પદની ચૂંટણી ૨૦૧૬-૨૦૨૧

**આવી ઉચ્ચ શિક્ષિત, અનુભવી અન વિઝનરી ટીમ કે જે સમવિચાર ધરાવતા સ્વતંત્ર ઉમેદવારોની બની છે તેને ભારે બહુમતિથી ચૂંટી આપણી બેંકને ટોચના સ્થાને લાવવા માટે પ્રયત્નશીલ ટીમ પર પસંદગી ઉતારવા એક વાર ફરી સૌને નમ્ર અપીલ.**



### ક્ર. ૧૦) કિરણકુમાર નારાણજી મોમાયા

**ઉંમર :** ૫૦ વર્ષ **વતન :** સુથરી - ભાંડુપ
**શૈક્ષણિક લાયકાત :** M.Com

• ફાઈનાન્સ મેનેજર તરીકે સિપ્લા લિ. ની સંલગ્ન કાું. • MNCમાં ૧૭ વર્ષનો અનુભવ • છેલ્લાં ૧૦ વર્ષથી અરિહંત બેંકમાં ડીરેક્ટરેટેક્ષ અને નાણાંકિય સલાહકારના વ્યવસાયમમાં પાંચ વર્ષથી કાર્યરત ૧૦૦૦ કરોડથી વધારે મૂલ્યોનાં વિવિધ પ્રોજેક્ટ રિપોર્ટ પૂરા કર્યા છે. • એમ.એન.સીમ. (MNC) બેંકના વિવિધ લાયસન્સ માટે કાર્યરત (આ બેંકે બે વર્ષમાં ૭૫,૦૦૦ કરોડના ધંધાનું ટાર્ગેટ રાખેલ છે. આ બેંકને સિટી બેંક જેવી બનાવવા માંગે છે.)

સિપ્લા કેન્સર એન્ડ એઈડ્સ ફાઉન્ડેશન-પૂનામાં સેવા આપેલ છે. • ડોંબીવલી યુવા શક્તિ મંડળના માજી સભ્ય



### ક્ર. ૧૩) સોની પ્રમોદ હંસરાજ (પ્રમોદ સર)

**ઉંમર :** ૫૬ વર્ષ **વતન :** સુથરી - ભાંડુપ
**શૈક્ષણિક લાયકાત :** M.Com (Accounts) B.Ed.

• છેલ્લાં ૨૫ વર્ષથી શૈક્ષણિક ક્ષેત્રે કાર્યરત • XI થી T.Y.B.Com, C.A.-C.P.T. માં, એકાઉન્ટ ભણાવવાનો બહોળો અનુભવ • D.A.V. College (ભાંડુપ)માં એકાઉન્ટના પ્રોફેસર તરીકે ૭ વર્ષ ભણાવેલ છે. • ધો. ૧૨ (XII) ના બોર્ડ પેપર્સ તપાસવાનો સારો એવો અનુભવ • ધો. ૧૧ અને ધો. ૧૨ની એકાઉન્ટના સહલેખક • માજી સેક્રેટરી : કે.ડી.ઓ. વિદ્યાર્થી સંઘ અને લાલજી રામજી બુક બેંક યોજના કે.ડી.ઓ. શિક્ષણ પ્રચારક સમિતિમાં માજી સલાહકાર સભ્ય



### ક્ર. ૨) ડાઘા જયકુમાર હરીશ

**ઉંમર :** ૩૨ વર્ષ **મૂળ વતન :** વરાડિયા - ભાંડુપ
**શૈક્ષણિક લાયકાત :** M.B.A. (Finance), M.Com. (Advanced Analytics)

• સિનિયર મેનેજર, એરીસ ગ્રુપ કં. (એમએનસી) • છેલ્લાં સાત વર્ષ વોલ્ટ ડિઝની, એસ્સાર ગ્રુપ, સિટી બેંક, ફર્સ્ટ સોર્સ (I.C.I.C.I. વન સોર્સ) કાર્યરત




### ક્ર. ૩) કુમારી પોલડીયા મનીષા મણિકાંત

**ઉંમર :**૪૧ વર્ષ **વતન :** રંગપુર-જામનગર-ડોંબીવલી
**શૈક્ષણિક લાયકાત :** B.Com., L.L.B., L.L.M.,

• છેલ્લાં પંદર વર્ષથી હાઈકોર્ટમાં વકીલાત • કેનેરા બેંક, ઈન્ડિયન બેંક, ઓબીસી બેંક તેમજ બિલ્ડરો અને વિદેશી કંપનીમાં કાયદાકીય સલાહકાર • નારી શક્તિ સંગઠન - મુંબઈમાં સતત ૧૫ વર્ષથી કાર્યરત

**ચૂંટણી ની તારીખ : ૩૦ એપ્રિલ, ૨૦૧૬**
**સમય : સવારે ૮.૦૦ થી સાંજના ૫.૦૦ સુધી**
**મતદાન કેન્દ્ર : પરાગ વિદ્યાલય, ટેંક રોડ, ભાંડુપ (વેસ્ટ)**

**આ સ્વતંત્ર ૪ ઉમેદવારોનું ચૂંટણી ચિહ્ન – Ship (વાહણ)**



### અમારા મુખ્ય ઉદ્દેશો

• અમારો મુખ્ય ધ્યેય આવતાં પાંચ વર્ષમાં બધી કો.ઓપ. બેંકમાં આપણી બેંકને નં. ૧ સ્થાન પર લાવવી.

• ગ્રાહકોને ઓનલાઈન બધી જ સુવિધાઓ મળી શકે એવી મહત્વની ડિજીટલ બેંકીંગ સર્વિસ ઉપલબ્ધ કરાવવી.

• મહત્વના ક્ષેત્રમાં ડિજીટલ શાખાઓ ઓછા ખર્ચ ખોલવી.

• ૨૦૦૬થી લોન પ્રોસેસને ઝડપી બનાવવા સેન્ટ્રલાઈઝ્ડ પ્રોસેસ લોન સેક્શન પોલિસી સેન્ટર બનાવવું.

• આપણું કોર બેંકીંગ સોફ્ટવેઅર કે જે ૨૦૦૯ થી કાર્યરત છે તેમાં જરૂરી સુધારો કરવા R.B.I. જેથી ના રિપોર્ટો પ્રાપ્ત થઈ શકે.

• જ્ઞાતિજનો વધુમાં વધુ લાભ મેળવી શકે તે માટે આપણી લોન પોલિસીમાં સુધારા લાવવા.

• કો.ઓપ. બેંકમાંથી મલ્ટિસ્ટેટ બેંક અને શેડ્યુલ્ડ બેંક બનાવવી.

• ૭૦ વર્ષથી ઉપરના બોર્ડ મેમ્બર્સ સ્વેચ્છાએ ફરજમુક્ત થાય અને યુવાપેઢીને માર્ગદર્શન આપી બેંકને પ્રગતિના પંથે લઈ જવામાં મદદરૂપ બને તે માટે પ્રયત્નશીલ રહેશું.

• બેંકીંગ ક્ષેત્રે જરૂરી સ્ટાન્ડર્ડ નોર્મ સાથે લોન પ્રોસેસ સિસ્ટમ ઝડપી બનાવવી.

• R.B.I.ની પરમિશનથી આપમી બેંકને પ્રાઈવેટ બેંકમાં પરિવર્તિત કરી અને સ્ટોક એક્સચેંજમાં એના લિસ્ટીંગ માટે પ્રયત્ન કરવા.

• આવનારા દિવસોમાં આપણે બીજી બેંકો સાથે સંગઠિત થઈને આપણાં ગ્રાહકોને વધુમાં વધુ લોન સેવા ઉપલબ્ધ કરાવવી.

• બિનજરૂરી ખર્ચા ઓછાં કરાવી વિવિધ સેવાલક્ષી બેંક બનાવવી.

• બેંકને ગ્રાહકલક્ષી બનાવવી અને જ્ઞાતિના ભણેલા યુવાન લોકોને આ ક્ષેત્રમાં લાવી અને બેંકની પ્રગતિ કરવી.

• બેંકના મુલત્વી કોર્ટ કેસ હલ કરવા.

• ગ્રાહક અને હ્યુમન રિસોર્સિસના સંબંધો વધારવા માટે જ્ઞાતિના અનુભવી લોકોનું માર્ગદર્શન મેળવવું.

|| શ્રી મોમાઈ માતાજી નમઃ ||

# શ્રી મોમાઈ માતાજી મોમાયા પરિવાર (સાંયરા) મુંબઈ મધ્યે છટ્ઠી સમુહ પહેડી

શ્રી મોમાઈ માતાજીની અસિમ કૃપાથી અને ભોઈમા જયાબાઈ નવિનચંદ મોમાયાના અવિરત અશિર્વાદથી સં. ૨૦૭૨ ચૈત્ર સુદ ૧૧ને રવિવાર તા. ૧૭/૦૪/૨૦૧૬ના શુભ દિવસે શ્રી મોમાઈ માતાજીની છટ્ઠી સમુહ પહેડી મુંબઈમાં શ્રી કપોળવાડી-ઘાટકોપર મધ્યે લાભાર્થી દાતા માતુશ્રી લક્ષ્મીબાઈ રતિલાલ ખીમજી મોમાયા પરિવાર (સાંયરા હાલે ડોંબિવલી) હસ્તે - અ.સૌ. પ્રિયાબેન દેવેન્દ્ર મોમાયા પરિવાર તથા અ. સૌ. નિરંજનાબેન કિશોર મોમાયા પરિવારના અમુલ્ય યોગદાનથી ૫૫૦થી વધુ ભાવિકો, નિયાણી બહેનો એવમ્ આમંત્રિત મહેમાનોની હાજરીમાં ખુબજ ધામધુમપુર્વક ઉજવાયેલ.

પહેડીની શુભ શરૂઆત શ્રી ગણેશજીની સ્થાપના અને વિધિવિધાનથી કરી. હીના ઠક્કર એન્ડ પાર્ટીએ સુમધુર ગીતોથી સૌને મંત્રમુગ્ધ કર્યા. સાથે ગરબા રાસની રમઝટ બોલાવી. શ્રી ગીરીશભાઈ લોડાયા (અવસર કેટરર્સ) એ મનભાવન ભોજન જમાડ્યા.

પહેડીમાં આમંત્રણને માન આપી શ્રી કલ્પેશભાઈ મોતા, શ્રી હીરાલાલ ડાઘા, શ્રી ચિમનભાઈ મોતા, શ્રી ચેતન મોમાયા, શ્રી પ્રવિણ લોડાયા, શ્રી ચેતન ભેદા, શ્રી રાયચંદ જીવાણી, શ્રી નિલેશ મોતા, શ્રી પારસ મૈશેરી, શ્રી મણીલાલ લોડાયા, વિણાબેન નાગડા, શ્રી કિરણ દંડ, શ્રી લહેરચંદ મૈશેરી એવમ મોમાયાના નિયાણી અને ધરમશી પરિવારના ભોઈમા તેજલબેન ધરમશી તેમજ સમસ્ત મહાજન, સાંયરા મહાજન, મુંબઈ મહાજન, ડોંબિવલી મહાજન, ગોએર-બારોઈ મહાજન, સાંયરા સેનાટે સાથે અન્ય મહાનુભાવો પધારી શોભામાં અભિવૃદ્ધિ કરેલ.

વિશેષ આકર્ષણ રૂપે શ્રી મોમાઈ માતાજીની ચાંદીની મુર્તિ માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા (રાપર) ઘાટકોપર અને માતુશ્રી ચંપાબાઈ હંસરાજ પરબત ડાઘા (વરાડીયા) માટુંગા તરફથી ભેટ મળેલ. જેમનો ખુબ ખુબ આભાર સૌએ વ્યકત કરી તાળીઓથી ઋણ સ્વીકારી વધાવેલ.

શ્રી મોમાઈ માતાજીને ચુંદડી ચડાવવાના લાભાર્થી કુમારી ચૈતાલી પ્રદિપ મોમાયા હસ્તે જયાબેન (સાંયરા-મસ્જીદ) પરિવાર રહેલ. ફુલહાર ચડાવવાના લાભાર્થી માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા હસ્તે રાજેશભાઈ (સાંયરા-ચેન્નઈ) પરિવાર રહેલ. ચાંદીનો છત્ર ચડાવવાના લાભાર્થી માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા (રાપર-ઘાટકોપર) પરિવાર એવમ માતુશ્રી ચંપાબાઈ હંસરાજ પરબત ડાઘા (વરાડીયા-માટુંગા) પરિવાર રહેલ. શ્રી રામાપીરની આરતીના લાભાર્થી શ્રી દામજી કાનજી મોમાયા (બારોઈ-સેંધવા) પરિવાર રહેલ.

સોનામાં સુગંધરૂપે નવમી સમુહ પહેડીના લાભાર્થી શ્રી મેઘણવાળા પરિવાર (સાંયરા) અને માતુશ્રી જયાબેન મધુકર મોમાયા પરિવાર (સાંયરા-ભાંડુપ) દાતા પરિવારનું નામ જાહેર થતા સૌએ આભાર સમેત તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ.

સૌએ સર્વસાધારણ ફંડ, જીવદયા અને ભંડારામાં સવાયા લાભો લીધેલ. આ પહેડીના દાતા પરિવારે યાદગીરી રૂપે ભાવિકો અને નિયાણી બહેનોને પરિવાર દીઠ એવમ આમંત્રિત મહેમાનોને ભેટરૂપે પ્રભાવના આપેલ.

જલગામ, ધુલિયા, કચ્છ, સેંધવા, હૈદ્રાબાદ, રાજકોટ, ચેન્નાઈ, નાસિક, રાયચુર, પુના, ગાંધીધામ, વડોદરા, જામનગર, હૈદ્રાબાદ, નાંદેડ વગેરે ગામે ગામથી લોકો પધારેલ.

પહેડીને સુંદર અને યાદગાર બનાવવા કાર્યકર્તાઓની અથાગ મહેનતને શ્રેય જાય છે.

**જય મોમાઈ માતાજી**

## શ્રી અરિહંત કો-ઓપ બેંકની ચૂંટણી

શ્રી અરિહંત કો-ઓપ. બેંકના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની ચૂંટણી શનિવાર, તા. ૩૦/૪/૨૦૧૬ના સવારે ૮ થી સાંજે ૫ સુધી પરાગ વિદ્યાલય, શિવાજી તલાવ, ટેંક રોડ, ભાંડુપ (પશ્ચિમ), મુંબઈ- ૪૦૦ ૦૭૮ ખાતે યોજાશે.


શુભેચ્છાઓસહ *Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No. 11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની

સંપર્ક : 08879677709

ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)

મો. 098225 30391 મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કંું. હળદર - જનરલ વ્યાપારી

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

# સગવડ કે સલામતી એટલે સમાધાન, સ્નેહ નહીં !

આપણા સમાજમાં મહિલાઓ અને ખાસ કરીને યુવા મહિલાઓ, પત્નીઓ ઘણીબધી જવાબદારીઓ નિભાવતી હોય છે. ઘરની સિસ્ટમમાં એક ગૃહિણીની જવાબદારી ઘણી વધારે અને ઘણી મહત્વની છે. એ સાચું, પરંતુ આ ફક્ત જવાબદારી જ છે ? કોઈ નોકરીની જેમ એણે સવારે સાતથી રાત્રે અગિયાર પોતાની ડ્યૂટી પર હાજર રહેવું એ જ એનું કામ છે ? ઘરના નોકર અને ગૃહિણીમાં બીજો કોઈ ફરક નથી હોતો ?

કેટલીય ગૃહિણી સવારે દૂધ લેવાથી શરૂ કરીને રાત્રે દૂધ મેળવવા સુધીની જવાબદારી આનંદથી અને ખુશી ખુશી પૂરી કરતી હોય છે. ઘરના તમામ સભ્યોની નાની નાની જરૂરિયાતનો ખ્યાલ રાખવો એ એમની માટે આનંદનો અને રસનો વિષય છે. કોણ શું ખાશે, કોને શું ગમશે કે કોણ કેટલા વાગે જશે અને કેટલા વાગે આવશે જેવી ઝીણામાં ઝીણી નોટ્સ ગૃહિણી પાસે સાવ સ્વાભાવિકતાથી ઉપલબ્ધ હોય છે.



વનિતા વિશ્વ

કોઈ સારા સેફની જેમ, કોઈ સારા હાઉસકિપરની જેમ, એક સારા મેનેજરની જેમ, એક સારી નૅનીની જેમ, ને એક સારી નર્સની જેમ એક ગૃહિણી કેટલીય જવાબદારીઓ એક સામટી નિભાવે છે, બદલામાં એને અપેક્ષા હોય છે થોડા વહાલની, થોડા અપ્રિસિયેશનની, થોડા સ્નેહની...કોઈ ગૃહિણી ઘરના સભ્યોની સગવડ સાચવવાનું મશીન નથી. એ જે કંઈ કરે છે એ એની ફરજ હોય તો પણ એમાં ભળતો સ્નેહ અને કાળજી એ ફરજને ''ખાસ'' બનાવે છે... મોટાભાગના પુરુષો એક સ્ત્રીની જેમ મલ્ટીટાસ્કીંગ કરી શકતા નથી. મોટાભાગના પુરુષોને એવી આવડત જ નથી હોતી કે એ પોતાના તમામ કામો એક સાથે અને છતાંય પૂરી કાબેલિયતથી કરી શકે.

મોટાભાગના પુરુષો લગ્ન એટલા માટે કરે છે કે જેથી કોઈ એમનું ધ્યાન રાખે, પરિવારને સાચવે અને એમની સગવડની એક સરળ ડીઝાઈન ઊભી થાય. પ્રેમમાં પડીને પરણે છે એ પુરુષો માટે પણ અંતે તો એમનાં લગ્ન એ એમની આદત કે એમના રુટિનની ગોઠવણ જ બની જાય છે. વિશ્વના કોઈ સંબંધના રુટિન કે આદત એને જીવતો રાખવાનું કામ કરી શક્તી નથી... દુનિયાનો કોઈ સંબંધ સગવડ કે આદત ઉપર કેટલો સમય નભી શકે ?

માણસ તરીકે લગભગ આપણને બધાને એક પરમેનન્ટ અથવા કાયમી સંબંધની ઝંખના હોય છે. આ કાયમી સંબંધ હોઈ શકે. મહત્ત્વનું એ છે કે એ સંબંધમાં સતત કોઈ ને કોઈ નવીનતા અથવા તાજગી ઉમેરાતી રહે. કુદરતને સતત બદલાવ કે નાવિન્ય ગમે છે.

પુરુષ માટે એની કારકિર્દી અથવા પરિવારની રોજિંદી જિંદગી જો વારંવાર બદલાયા કરે તો એ જરા ડિસકમ્ફર્ટ ઊભી કરતી બાબત છે. મોટા ભાગના પુરુષોને એમની જિંદગીની સવારો એકસરખી હોય એ વધારે અનુકૂળ આવે છે. રોજ ઊઠવું, દાઢી કરવી, નહાવું, કામે જવું, એક જ કામ કરવું, પાછા ફરવું, ભોજન કરવું, સેક્સ માણવું.. ટૂંકમાં, સિતાશું યશશ્ચંદ્રની કવિતાની પંક્તિઓ, 'હરે ફરે ચરે રતિ કરે, ગર્ભને ઘરે અવતરે મરે'ની જેમ એકસરખું રુટિન પુરુષ માટે એક કમ્ફર્ટ બ્લેન્કેટની ગરજ સારે છે.

બીમાં બેસિકલી સર્જનશક્તિ અખૂટ ભરી હોય છે. રોજિંદી જિંદગીમાં પણ સ્ત્રી નવીનતા અને સુંદરતા ઝંખે છે. એની ઋજુતા એની પ્રકૃતિનો - એના સ્વભાવનો ભાગ છે. કયારેક એવું બને કે સ્ત્રીને એ રુટિનમાં અનિચ્છાએ પણ ગોઠવાવું પડે ત્યારે સ્ત્રી પોતાની જાતને 'પ્રેમ'ના નામે એક રુટિન સાથે બાંધી રાખી શકે છે. રોજ નવા રંગ, નવાં વસ્ત્રથી શરૂ કરીને નવી રસોઈ, નવો દેખાવ એ સ્ત્રીનો શોખ છે. રિલેશનશિપ અથવા લગ્નમાં જો વ્યક્તિ ન બદલાય તો એ જ વ્યક્તિ સાથેના સંબંધને રોજ નવા સ્વરૂપે જોઈ શકાય તો કદાચ સ્ત્રી એ લગ્નને પૂરા સુખથી માણી શકે. સ્ત્રી-પુરુષના પ્રકૃતિગત ભેદને કારણે સામાન્ય રીતે મોટા ભાગનાં લગ્નોમાં એક બોરડમ - કંટાળો કે વાસીપણાનું તત્વ પ્રવેશતું જાય છે. સવારે ઊઠીને દિવસ શરૂ થાય ને રીતે પથારીમાં દિવસ પૂરો થાય એવા અનેક દિવસોમાં કશું જુદું નથી હોતું ત્યારે લગ્નમાં જીવી રહેલા બંને જણાં અથવા બેમાંથી એક લગ્નની બહાર કશુંક નવું, કશુંક ફ્રેશ કે કશુંક જુદું શોધવાના પ્રયાસમાં નીકળી પડે છે... દુનિયાની કોઈ પણ વ્યક્તિને પોતાની મેહનત, પ્રયાસ, આવડત કે બીજાના સુખ માટે કરેલા પોતાના સમર્પણના બદલામાં સાદું 'થેન્ક યુ' કે પોતે જે કંઈ કર્યું છે એને માટે નાનું-મોટું અપ્રિસિયેશન ગમતું હોય છે.

જે પુરુષો પોતાની પત્નીને ટેકન ફોર ગ્રાન્ટેડ લે છે અથવા જે એમ માને છે કે પત્ની જે કંઈ કરી રહી છે તે એની ફરજ છે અને લગ્નનો અર્થ ફક્ત સગવડ, સલામતી, સંપત્તિ કે સમાધાન સાથે પૂરો થઈ જાય છે એ બધા જ પુરુષો પોતાના સંબંધમાં ક્યાંક કશુંક મિસ કરી રહ્યા છે. પત્ની એમની સગવડ સાચવે છે, કારણ કે એ કામને પત્ની પોતાની ફરજ માને છે, સ્નેહની ફરજ, વહાલની ફરજ, કાળજીની ફરજ... જ્યારે આ ફરજ પત્ની પર ઠોકી બેસાડવામાં આવે કે એને એવું સમજાય કે એની જરૂરિયાત આ ઘરમાં ફક્ત સગવડ સાચવવા પૂરતી છે ત્યારે સંબંધનું સન્માન અને સુખ બંને અટવાય છે.

લાગણીના સંબંધો તો સ્વાયત્ત અને સ્વતંત્ર હોવા જોઈએ, એમાં સતત નવીનતા અથવા તાજગી જળવાઈ રહેવી જોઈએ. આ જરૂરિયાત ફક્ત સ્ત્રીની નથી ને આ જાળવી રાખવાની ફરજ પણ ફક્ત સ્ત્રીની નથી જ.

**- કાજલ ઓઝા - વૈદ્ય**


કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 રવિવારે બંધ
Originally at Zaveri Bazar since 1976



શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મૂળજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

ચૂંટણી દિવસ :
શનીવાર, તા. ૩૦ એપ્રીલ ૨૦૧૬
સમય :
સવારે ૮.૦૦ થી ૫.૦૦

# સ્ટાર પેનલ

ચૂંટણી સ્થળ :
પરાગ વિદ્યાલય, શીવાજી તળાવ,
ભાંડુપ (વેસ્ટ), – ૪૦૦૦૭૮.

**શ્રી અરિહંત કો.ઓ. બેંક લી. બોર્ડ ઓફ ડિરેક્ટરની ચુંટણી વર્ષ ૨૦૧૬–૨૦૨૧ માં સ્ટાર પેનલ ના ઉમેદવારોની આ છે આછેરી ઝલક**

## સ્ટાર પેનલ નં.૧



નામ : **છેડા હંસકુમાર લક્ષ્મીચંદ**
ગામ : સુજાપર, હાલે ભાંડુપ
અભ્યાસ : B.Com (Hons)., LLB
અનુભવ : ભૂતપૂર્વ સંચાલક - શ્રી અરિહંત બેંક કો.ઓપ.લી.
: ભૂતપૂર્વ માનદ્મંત્રી અને પ્રમુખ - શ્રી કે.ડી.ઓ. વિદ્યાર્થી સંઘ.
: વ્યવસ્થાપક સમિતી સભ્ય - મુંબઇ મહાજન
: ભૂતપૂર્વ સભ્ય - શ્રી કે.ડી.ઓ. શીક્ષણ પ્રસારક ટ્રસ્ટ સલાહકાર સમિતી

## સ્ટાર પેનલ નં.૩



નામ : **ડાઘા કૈલાસ હિરાચંદ**
ગામ : વરાડીયા, હાલે મુલુંડ
અભ્યાસ : B.E. (Electronics)
અનુભવ : સમિતી સભ્ય - શ્રી કે.ડી.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડ

## સ્ટાર પેનલ નં.૪



નામ : **દંડ હિરાચંદ દામજી**
ગામ : મંજલ રેલડીયા, હાલે અંધેરી
અભ્યાસ : B. Com (Hons). LLB, FCA
અનુભવ : પ્રમુખ અને ટ્રસ્ટી - કે.ડી.ઓ. સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ
માનદ્મંત્રી - કે.ડી.ઓ. શીક્ષણ પ્રસારક ટ્રસ્ટ
ટ્રસ્ટી - વીરજી લધાભાઈ વિદ્યાર્થી ગૃહ, શ્રી અનંતઆરોગ્ય નિધી (દેવલાલી)
કમીટી મેમ્બર - પ્રકાશ સમીક્ષા, બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ અને કચ્છ શક્તિ
ભૂતપૂર્વ પ્રમુખ - કે.ડી.ઓ. કલાસીક, રોટરી કલબ ઓફ ઘાટકોપર,
વ્યવસાય : ડિસ્ટ્રીબ્યુટર ઈન્ડીયન ફિલ્મ ઇન ઓવરસીઝ

## સ્ટાર પેનલ નં.૫



નામ : **કારાણી યશોધન રાયચંદ**
ગામ : સુથરી, હાલે મુલુંડ
અભ્યાસ : B. Com
વ્યવસાય : જનરલ ઈન્સ્યુરન્સ સલાહકાર (૨૩ વર્ષ)
સ્થાપક સંચાલક - **INSURANCEKHOJ.COM**

## સ્ટાર પેનલ નં.૬



નામ : **ખોના (કાયાણી) કિશોર ખીમજી**
ગામ : જખૌ, હાલે મુલુંડ
અભ્યાસ : M.A., M.Com
અનુભવ : સ્થાપક સંચાલક - શ્રી અરિહંત બેંક કો.ઓ.લી.
: સંચાલક - શ્રી અરિહંત બેંક કો.ઓપ. લી. ૨૦૦૬ થી ૨૦૧૬
ટ્રસ્ટી - અનંતનાથ મહારાજ દેરાસર અને સાધારણ ફંડ,૧૯૮૯ - ૨૦૦૪
પ્રમુખ - કે.ડી.ઓ. વેલફેઅર અસોસીએશન

**માત્ર વચનો આપવા કરતાં, જરૂરિયાત સમજી અનુરૂપ 'પરીવર્તન' લાવવાની હૃદય પૂર્વક તૈયારી... એજ સ્ટાર પેનલ નું લક્ષ્ય છે.**

## સ્ટાર પેનલ નં. ૭



**નામ** : ખોના મહેંદ્ર દેવજી
**ગામ** : જખૌ, હાલે થાણા
**અભ્યાસ** : B. Com
**અનુભવ** : સંચાલક - શ્રી અરિહંત બેંક કો.ઓપ. લી. ૨૦૦૧ થી ૨૦૧૬
: વાઇસ ચેરમેન - ૨૦૦૧ થી ૨૦૦૫, ચેરમેન - ૨૦૦૬ થી ૨૦૧૦, ૨૦૧૪ થી ૨૦૧૬
: ભૂતપૂર્વ પ્રમુખ - ગમ મર્ચન્ટ એસો., મુંબઇ
: ટ્રસ્ટી - શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ
: ભૂતપૂર્વ ટ્રસ્ટી - શ્રી અનંતનાથ જૈન દેરાસર, શ્રી મુલુંડ જૈન દેરાસર, શ્રી જખૌ દેરાસર ટ્રસ્ટ, શ્રી અનંતઆરોગ્ય નિધી (દેવલાલી)
: ભૂતપૂર્વ પ્રમુખ - શ્રી કે.ડી.ઓ. મહાજન-જખૌ, શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજ શ્રી કે.ડી.ઓ વિદ્યાર્થી સંઘ,

## સ્ટાર પેનલ નં. ૮



**નામ** : મૈશેરી અશ્વીન ધનજી
**ગામ** : જખૌ, હાલે ભાંડુપ
**અભ્યાસ** : B. Com, DCS, DIPT
**અનુભવ** : સંચાલક - બ્લુ બર્ડ સ્કુલ, સંસ્કાર ગુરૂકુલ,
સમિતી સભ્ય - શ્રી કે.ડી.ઓ. મહાજન-જખૌ
: ટ્રસ્ટી - વિઠ્ઠલવાડી અચલગચ્છ જૈન સંઘ,
**વ્યવસાય** : એજ્યુકેશન કન્સલટન્ટ

## સ્ટાર પેનલ નં. ૯



**નામ** : મૈશેરી મુકેશ દામજી
**ગામ** : લાલા, હાલે મુલુંડ
**અભ્યાસ** : B.Com
**અનુભવ** : ભૂતપૂર્વ સેક્રેટરી - શ્રી મુલુંડ શ્વે. મુ.પૂ. જૈન સંઘ
ટ્રસ્ટી - શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજ
ટ્રસ્ટી - શ્રી અખિલ ભારત અચલ ગચ્છ જૈન સંઘ
**વ્યવસાય** : ઓક્ટ્રોય કલીઅરીંગ એજન્ટ

## સ્ટાર પેનલ નં. ૧૧



**નામ** : શાહ ડોલર પ્રતાપ
**ગામ** : સુથરી, હાલે મુલુંડ
**અભ્યાસ** : B.Com
**અનુભવ** : ભૂતપૂર્વ પ્રમુખ - શ્રી કે.ડી.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ, રોટરી કલબ ઓફ મુલુંડ, શ્રી કે.ડી.ઓ વિદ્યાર્થી સંઘ
: ભૂતપૂર્વ ટ્રસ્ટી - શ્રી અખિલ ભારત અચલ ગચ્છ જૈન સંઘ
: કમિટીસભ્ય - એસ.એમ.પી.આર. સ્કુલ ટ્રસ્ટ

## સ્ટાર પેનલ નં. ૧ — મહિલા અનામત



**નામ** : દંડ અલ્કા કિશોર
**ગામ** : લાલા, હાલે મુલુંડ
**અભ્યાસ** : BSC (Mumbai)
**અનુભવ** : સમિતી સભ્ય - સહેલી મહિલા મંડળ, કેડીઓ મુલુંડ (પૂર્વ)
ભૂતપૂર્વ મેમ્બર - કુંવરબાઇ નરશી નાથા ટ્રસ્ટ

## સ્ટાર પેનલ નં. ૨ — મહિલા અનામત



**નામ** : લોડાયા જલ્પા ઉત્તીન
**ગામ** : નલીયા, હાલે વાશી નવી મુંબઇ
**અભ્યાસ** : B.Com, C.A.
**અનુભવ** : સભ્ય-વ્યવસ્થાપક સમિતી, મુંબઇ મહાજન
કન્વીનર ઓફ એજ્યુકેશન સમિતી
સમિતી સભ્ય - સગપણ સેતુ સમિતી
સમિતી સભ્ય -સમુહ લગ્ન સમિતિ

**નોંધ : દરેક મતદારે પોતાના ફોટાવાળુ ઓળખપત્ર (I.Card.) મતદાન સમયે સાથે લાવવું જરૂરી છે.**

# વહીવંચા અને આપણો ઈતિહાસ

**રમેશ મુલજી લોડાયા** (ભરૂડિયા-મુલુંડ) મો. 098203 36767

મીઠડીયા વોરા એક પ્રાચીન ગોત્ર છે અને તેમાંથી આપણાં ઘણાં ગોત્રો નીકળ્યા છે. એક જુની વહી નોંધ મુજબ 'ફલઉ ગોત્ર, વંશ તુંઅર, દેવી કાલકા, શાખા વોરામાંથી નૂખ પાંચ થઈ. (૧) ફુરીયા (૨) વહોરા (૩) વછી (૪) બગડા (૫) મુનવર. મૂળ ગોત્રમાંથી નીકળેલી શાખા વૃધ્ધિ પામતા આગળ જતાં ગોત્રનું રૂપ ધારણ કરે છે. સમયાંતરે નવી નવી શાખાઓ ફૂટતી રહે છે. ઉપરોક્ત યાદીમાં શિયાલ અને પોલડિયા ઉમેરાયા છે.

પારકરના સુરપાટણમાં દધિપકવ વંશમાં સોઠા પરમાર મહીપાલ રાજા થયો. સં. ૧૧૭૨ (ઈ.સ. ૧૧૧૬)માં નગરમાં મરકીનો ઉપદ્રવ થયો. એવા સમયે વિધિપક્ષ અચલગચ્છનાં સ્થાપક આર્યરક્ષિતસૂરિ ત્યાં પધાર્યા સાથે ઉપાધ્યાય જયસિંહસૂરિ પણ હતા. રાજા મહીપાલે મંત્રી ધરણની સલાહથી ઉપાધ્યાય જયસિંહસૂરિને મરકીનો ઉપદ્રવ દૂર કરવા કહ્યું. જયસિંહ ઉપાધ્યાયે ગુરૂ આર્યરક્ષિતસૂરિના ચરણોદકનો શહેરમાં છંટકાવ કરવાનું સુચવ્યું. તેમાં કરવાથી મરકીનો ઉપદ્રવ મટ્યો અને મહીપાળે જૈન ધર્મ સ્વીકાર્યો. મહીપાલના વંશજો મીઠડિયા ગોત્રથી ઓળખાયા. કરીયાણા આદિ વ્યવસાય સાથે સંકળાયેલા આ વંશના લોકો આગળ જતા મીઠડિયા વોરા તરીકે ઓળખાયા.

નોંધ મુજબ રાણા મહીપાલ પુત્ર યશકુમાર ભા. રયણાદે પુ. વુહેદ ૧ ખીયસી ૨. વુહદે ભા. સૂરિમદે પુ. દેવદત્ત ભા. દેવલદે પુ. સમરસિંગ ભા. સિરિયાદે પુ. અમીચંદ ૧ સોમચંદ ૨. અમીચંદ. ભા. અમૃતદે પુ. પાલા ૧, પદમો ૨, પેથા ૩, કીતા ૪, સાજણ ૫,સમરથ ૬. પાલ્હા ભા. પાટીમદે પુ. જયવંત ૧, જગો ૨, ધર્મો ૩. પાલ્હાએ વહોરા બીરૂદ મેળવ્યું. સુરપાણનગર છોડી મીઠડી નગરે વસ્યા. પાલ્હા પુ. ધર્મા અને નરસંગ. બન્ને ભાઈઓએ સંઘ કીંધઉ (કાઢયો). સંઘને તૃષા લાગી. તિવારઈ ખારૂ પાણી. તિહાં મનુષ્ય આકુલ થાવા લાગા. તિવારઈ કુવા મધ્યે સાકર પહિલઈ પહુરી ના. પાણી મીઠું થયું તેથી મીઠડિયા વ્હોરા (વોરા) કહેવાણા.

અન્ય નોંધ મુજબ નરસંઘ અન્ય નામ રણમલ પુત્ર લખરાજને પરણાવવા જાન લઈ બાહડમેર જતી વખતે લોકો તરસ્યા થયા અને એક કુવો જેનું પાણી ખારૂ હતું તેમાં નરસંઘે સાકરની ગુણો નાખી પાણી મીઠું બનાવ્યું.

અન્ય નોંધ મુજબ પૂર્વે નારસંઘ (નરસિંહ) દિલ્હી વાસ્તવ્ય પછેઈ નાગઉરિ (નાગોર) વસ્યો. નરસિંહ ભા. નામલદે ભા. પેમલદે પુ. માલદે ભા. માલ્હણદે પુ. દેવચંદ ૧ દેધર ૨. દેવચંદ ભા. દેવલદે પુ. સંગ્રામ. આ સંગ્રામ મંત્રી થયો અને જાલોર પાસે મીઠડી ગ્રામે વસ્યો.

પૂર્વે નારસંઘે બાદશાહ અલ્લાઉદીનને ૮૪ જાતની મીઠાઈ જમાડી તેથી મિઠડિયા વોરા કહેવાણા. અલ્લાઉદીનને ખુશ થઈ મીઠડિયા બિરુદ આપ્યું. થરપારકરમાં વોવારીઆ તરીકે ઓળખાતા અને આગળ જતા મીઠડીયા વોવારીયા ભુલાતા 'વોરા' નામ રહ્યું.

આગળ જતા વોરાઓ મુનવર તરીકે ઓળખાયા. એક લોક વાયકા મુજબ વોરા દંપતિને મુનિવરના આશીર્વાદથી પુત્ર પ્રાપ્તિ થઈ. યોગીરાજે ભીક્ષા ગ્રહણ કરતી વખતે ગૃહણિના મુખપરની ઉદાસીનતા જોઈ કારણ પુછ્યું. ગૃહણીએ પોતાને ત્યાં સંતાન નથી તેનું દુઃખ કહ્યું. યોગીરાજે ધ્યાન ધર્યા બાદ જણાવ્યું કે જો તમે પ્રથમ પુત્ર સમર્પિત કરો તો બીજો પુત્ર થશે. શરત કબૂલ રાખી. સમય જતાં બાઈને બે પુત્ર થયા. પ્રથમ પુત્ર ખૂબ જ પ્રભાવશાળી. બીજો નબળો હતો. થોડા વરસો બાદ યોગીરાજ ફરી પધાર્યા. શરત યાદ અપાવી પ્રથમ પુત્ર માંગ્યો. બાઈએ મોટા પુત્રને અનાજની કોઠીમાં સંતાડી બીજો પુત્ર જે નબળોહતો તે ગુરૂને સોંપ્યો. યોગીરાજે ગુઢાર્થમાં કહ્યું 'તે પ્રથમ પુત્ર અમારાથી અળગો રાખ્યો પણ તે તારાથી પણ અળગો જ રહેશે. આ બીજો પુત્ર અલ્પાયુ હોઈ તું આખરે સંતાન વિહોણી જ રહીશ.' માતાએ દોડીને કોઠીમાં જોયું તો મોટો પુત્ર મરણ પામ્યો હતો. ગુરૂ પાસે જઈ માફી માંગી સંતાન માટેની વિનંતી કરી. હવે જે પુત્ર થશે તે સમર્પિત કરવાનું વચન આપ્યું.

યોગીરાજ બોલ્યો 'જે પુત્ર થી ધર્મનો ઉદય થવાનો હતો ને ન રહ્યો. અન્યથી એ કાર્ય સિધ્ધ થવાનું નથી. તમને હજુ એક પુત્ર થશે જેને 'મુનિવર' (મુનિના વચનથી મળેલ તેથી) તરીકે ઓળખાવજો. ભવિષ્યવાણી સાચી ઠરી. બાઈનો બીજો પુત્ર અલ્પજીવી થયો. ત્રીજો પુત્ર જન્મ્યો જેનું નામ મુનિવર રાખ્યું અને સમયજતાં આ બાળકના વંશજો મુનવર તરીકે ઓળખાયા.

આ મીઠડિયા વોરા ગોત્રની એક શાખા ફુરીયા થઈ જે ગોત્ર અગાઉ આપણી જ્ઞાતિમાં હતું હાલ નથી. ભટ્ટોની વહીઓમાં રહ્યું છે. વહી મુજબ પૂર્વે સા. નરસંઘ ભા. નવરંગદે પુત્ર રામા ૧, શ્રીમલ ૨ રામા ભા. રંગાદે પુ. માલો સંવત ૧૫૯૫ (ઈ.સ. ૧૫૩૯) વર્ષે હાલે (હાલાર) ગતઃ રામની નાંદુરી હાલે.

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,
૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઇ-૯.

સં. ૧૬૩૧ (ઇ.સ. ૧૫૭૫) વરસે પુનઃ કચ્છ દેશે ગામ દરસડી આગતઃ આ વંશાવલી મુજબ નરસિંઘ પુ. રામ પુ. માલો પુ. રણમલ પુ. ફુરીઆ પુ. તોરીયો પુ. આસર પુ. ઉદેસી પુ. ધનો પુ. કોરો પુ. મહેપો (મેપો). આ મેપો દશા થયો. દરસડીથી આ પરિવાર અબડાસામાં પ્રથમ નલીયા વસ્યો ત્યાંથી તેરા – જખૌ – આરીખાણા – સુજાપુર – ખાવડી વિગેરે સ્થળે ફેલાયો.

મહેપા પુત્ર દેસલ પુ. તેજો પુ. સહેજો પુ. ખેતુ. સંવંત ૧૭૪૫ વરસે (ઈ.સ. ૧૬૯૪) ફાગણ સુદિ ૧૩ના નલીયા મધે ફુરીયા ગોત્રે સા. ખેતુ સરગે સિધાવ્યો તે ઉપરે પુત્ર જીવરાજ ૧ સોમો ૨ ખીંઅરો ૩ શ્રીપાલ ૪. ચારે ભાઈ મલી મેલો કીધો. અબડાસાના પાંચ ગામ ત્રધારી લાપસી કરી જમાડ્યા. ધ્રીત મણ ૧૫૦ બેઠું. ધાન કલસી ૧૧ બેઠું મીઠડીયા ગોત્ર ઉદ્યોત કીધુ : શ્રીપાલ નલીયે રહ્યો. ખીંયરો જખૌ વસ્યો. જીવારાજ પુ. આદ ૧ દેઅરો ૨ ધરમો ૩ ધરમો પુત્ર સોમો. તેનો પરિવાર તેરે વસ્યો.

મેપા પુ. દેસલ પુ. તેજો પુ. સહેજો સુજાપુરમાં વસ્યો તેના પુત્ર ખેતુ ૧ માંડણ ૨. માંડણ પુ. પસાઈયો. સંવંત ૧૭૪૦ (ઈ.સ. ૧૬૮૪) વરસે વૈશાખ સુદ ૭ સોમે સુજાપુર મધે ફુરીઆ ગોત્રે સા. માડણ ભા. ભરમાઈ સરગ સિધાવ્યા તે ઉપરે પુત્ર પસાઈયાએ ખરચ કીધું. અબડાસા મહાજન તેડાવ્યા સગા ગામ ૪૫ જીમાડ્યા. ધ્રીત મણ ૯૦ બેઠું.

વર્તમાને આપણી જ્ઞાતિમાં ફુરીઆ નૂખની ઓળખ શિયાલ તરીકેની રહી છે. ફુરીયા ગોત્રમાં નરસીંઘથી વંસાવલી આ

**શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ – ઘાટકોપર**

**!! શતંમ જીવ શરદ : !!**

## ગુરૂ ગુણોદય ૮૫મો જન્મ ઉત્સવ

**તા. ૧૬-૦૯-૨૦૧૬, શુક્રવાર**

**ગુરૂકૃપાથી અંતરમાં પ્રગટાવીએ દિપોત્સવ**

૫૦મા વર્ષીતપના આરાધક તપસ્વીરત્ન અચલગચ્છાધીપતી **પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા.** ના ૮૫મો જન્મોત્સવ પાલીતાણા મધ્યે નક્કી થયેલ છે. એ નિમિત્તે આપણો સંઘ વહેલા તે પહેલાના ધોરણે પ્રથમ ૮૫ મેમ્બરને પાલીતાણા તીર્થ લઈ જવા નક્કી કરેલ છે. તા.૧૪-૦૯-૧૬ ના રાત્રે ભાવનગર **Exp.** ટ્રેન **AC Coach** દ્વારા રવાના તથા તા. ૧૬-૦૯-૧૬ના સાંજે પાલીતાણા **AC Coach** દ્વારા પાછા રવાના. જે કોઈને પણ નામ લખાવવા હોય તે તા. ૦૫-૦૫-૨૦૧૬ સુધીમાં ડીપોઝીટ રૂા. ૧,૦૦૦/- (રીફંડેબલ રૂા. ૫૦૦/-) ભરી નીચેના કાર્યકર ભાઈઓને સંપર્ક કરવા વિનંતી. સંપર્ક : કીરીટભાઈ કુરૂવા - ૭૫૦૬૩ ૮૮૬૯૯, દેરાસર મહેતાજી - ૯૬૯૯૦ ૧૯૧૯૪, રાજેન લોડાયા - ૯૩૨૩૦ ૩૦૧૪૯

**શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ**

॥ શ્રી આદેશ્વરાય નમઃ ॥

**શ્રી મંજલ રેલડીયા અલગચ્છ જૈન સંઘ**

**શ્રી આદેશ્વરજી મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ**

હર્ષથી આપે

## ભાવભર્યું આમંત્રણમ્

**૧૩૪મો ધ્વજારોહણ, નૂતન અતિથિગૃહ અને ભોજનશાળાના ભૂમિ પૂજન તથા શિલારોપણ વિધિ**

**કાર્યક્રમની વિગત**

**વૈશાખ સુદ ૧૦, સોમવાર, તા. ૧૬-૫-૨૦૧૬ ના શુભદિને**

**વિજય મુહૂર્તે પ્રભુજીને શ્રી અઢાર અભિષેક**
**બપોરે ૧૨.૩૯ કલાકે**
**ભક્તિભાવના તથા દાંડિયારાસ : રાત્રે ૮.૦૦ કલાકે**

**વૈશાખ સુદ ૧૧, મંગળવાર, તા. ૧૭-૫-૨૦૧૬ ના શુભદિને**

**શ્રી સત્તરભેદી પૂજા સંગીતાના સુરો સાથે : સવારે ૮.૩૦ કલાકે**
**ધ્વજારોહણ કાર્યક્રમ**
**સવારે ૧૧.૦૦ કલાકે ધ્વજા ચઢાવવામાં આવશે.**
**નૂતન અતિથિગૃહ અને ભોજનાલયનું ભૂમિ પૂજન તથા શિલારોપણ : બપોરે ૧.૦૦ કલાકે**

**પાવન નિશ્રા**
પૂ.આ.ભ.શ્રી **ગુણોદયસાગરસૂરિ** મ.સા. ના આજ્ઞાવર્તીની
પ. પૂ. સાધ્વી શ્રી **ચારુગુણાશ્રીજી** મ.સા. આદિ ઠાણા

: વિધિકાર :
**શ્રી કેશવજી ધારશી ગડા (રાયધણજરવાળા)**
: સંગીતકાર :
**શ્રી કિશોર સંઘાર તથા ભાવના વોરા (સુર મંડળી સાથે)**
: ભૂમિ પૂજન :
**શ્રી ચંદુલાલ પ્રાગજી રાજગોર (મંજલ રેલડિયા)**

**: ખાસ નોંધ :**

૧. અભિષેકના નામો લખવાના ચાલુ છે, નકરો રૂા. ૫૦૧/– રાખેલ છે.
અભિષેકના નામો લખાવવા સંપર્ક :
લક્ષ્મીચંદ પાસુભાઇ ગોસર – ૯૮૨૦૩ ૫૨૩૯૧
પ્રફુલ ધનજી લોડાયા – ૯૯૨૦૫ ૬૦૦૩૨
૨. અભિષેક નંબર ૧,૯,૧૮ ની ઉછામણી સ્થાનિકે સવારના કરવામાં આવશે.
૩. ભૂમિ પૂજન તથા શિલારોપણ વિધિના દાતા આવકાર્ય છે.
૪. ઉપરોકત મહોત્સવના ખર્ચને પહોંચી વળવા શક્તિ પ્રમાણે ફાળો નોંધાવવા નમ્ર વિનંતી.

**સ્થાનિકે પધારનારે અગાઉથી જાણ કરવા નમ્ર વિનંતી જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.**

**ધ્વજારોહણ મહોત્સવ તેમ જ ભૂમિ પૂજન પ્રસંગે ગામવાસી ભાઇ-બહેનો તથા નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

: નિમંત્રક :

**શ્રી મંજલ રેલડિયા અચલગચ્છ જૈન સંઘના પદાધિકારીઓ**
**શ્રી આદેશ્વર મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ**


BINITA SATISH MARU : 98690 34162

પ્રમાણે છે. નરસીંગ પુ. રણમલ પુ. વીસલ પુ. ઉદરીયો પુ. નાકર પુ. ફુરીઉ પુ. જેઠો. જેઠાના ત્રણ પુત્રો મુરીઓ, જેસંઘ અને કોરો થયો. આ કોરો દશો થયો અને દશાની નાતમાં ભળ્યો તેનો પરિવાર શિયાલ નુખ ધારણ કર્યુ.

વહીઓમાં સ્થળાંતરની વિગત મળે છે. શાખ ફુરીયા તેરાવારા ઉકરડા સોજપાર આરીખાણે છે. સાખ ફુરીયા જખઉવારા ભીમુ જવતાણી હાલારમાં છે ગામ ખાવડી છે. ચાંપસી જેવતાણીનો પરિવાર દલતુંગી છે. ફુરીયા ભોજો ખેરાજ ખુઅડે છે. જીવા ભીમસી તથા ગોવા ભીમસી દલતુંગી આવ્યા છે. જખઉવારા ઉકેડા રામદેઆણી વાંકુ છે. સુજાપુરવાલા કમુ પુનાણી ડુમરે છે.

શિયાલ ગોત્રની એક પેઢી આ મુજબ છે. બીપીન શામજી પેથરાજ મુરજી ગોવા ભીંમસી જેવત ગાંગા ચાંપસી સોમુ ખેતુ સુજા તેજા દેસર મેપા લાડણ કોરો (કોરો દશા થયા અને ફુરીયામાંથી શિયાલ નુખ ધારણ કરી) જેઠા, ફુરીયો, નાકર, ઉદરો, વીસલ, રણમલ નારસંગ. – ક્રમશઃ


## પાંચમી પુણ્યતિથીએ શ્રધ્ધાંજંલિ



**સ્વ. શેઠશ્રી લહેરચંદભાઈ રાયચંદ છેડા**

આપને શ્રધ્ધાંજલિ આપતા આપના સંસ્કારોની
કિંમત સમજાય છે. પ્રેમાજંલી આપતા આપની
પ્રેમભરી હુંફનો એહસાસ થાય છે.
માનાજંલી આપતા આપને નત મસ્તકે વંદન થઈ જાય છે.
આદરાંજલિ આપતા આપના આર્દશોને સલામ થઈ જાય છે.
ઓ દિવ્યાત્મા આપ જ્યાં હો ત્યાં પરમ સુખ શાંતી પામો.
એજ પાંચમી પુણ્યતીથીએ પ્રભુ ચરણે પ્રાર્થના.

**''આપની સ્નેહભરી સ્મૃતિ એજ અમારી પુંજી''**

❖ સ્મરણકર્તા ❖

**માતુશ્રી પ્રેમાબાઈ રાયચંદ ધારશી છેડા પરિવાર-તેરા**


**ઘેન્ટ :** છેલ્લા પાના નં ૨૦થી ચાલુ

મધ્યકાલીન ગ્રાવન્સ્ટિન કેસલ હજી સુધી સારી રીતે જળવાયો છે. ગોથિક સ્થાપત્ય માટે આ કિલ્લો જોવા જેવો છે. એક ટૉર્ચર રૂમમાં રીબાવવાનાં સાધનો હતાં. મધ્ય યુગમાં વિરોધીઓ અને અપરાધીઓને વેદના આપવાનો રિવાજ હતો. એ વખતમાં અસહ્ય પીડા આપવાના જે ઉપાયો શોધાયા હતા તેમની સામે આપણે સિનેમામાં જે યાતના અપાતી જોઈએ છીએ તે કાંઈ નથી. આખા કિલ્લામાં જાણે રીબામણીના પડઘા પડે છે.

તમે ડૉક્ટર હોવ, આર્કિટેક્ટ, વૈજ્ઞાનિક, કલાકાર કે માત્ર ક્લારસિક હોવ, ઘેન્ટનાં મ્યુઝિયમોમાંથી એકમાં તમને અવશ્ય રસ પડશે. ઘેન્ટ શહેરની માહિતી સ્ટેમ ઘેન્ટ સિટી મ્યુઝિયમ આપે છે, મ્યુઝિયમ ફોર શ્યોન કુન્સ્ટન નામના આર્ટ મ્યુઝિયમમાં શ્રેષ્ઠ ફલેમિશ ચિત્રકારોનાં ચિત્રો છે, હિસ્ટરી ઑફ સાયન્સીસનું મ્યુઝિયમ છે અને માનસિક રોગોપચારની દવાઓના ઈતિહાસ વિશેનું અનોખું મ્યુઝિયમ પણ આ શહેરમાં છે. આવાં ઐતિહાસિક અને પ્રાચિન સ્થાપત્યોનાં દર્શન સાથે આ શહેર પોતે ખાસ માણવા જેવું છે. નગરની હાર્દમાં જ માત્ર પગે ચાલનારાઓ માટેનો વિસ્તાર છે અને આ આખો વિસ્તાર પથ્થરજડિત છે તેથી સ્વચ્છ અને આકર્ષક લાગે છે. વાહનોનો ભય રાખ્યા વિના ભાતભાતની દુકાનો જોતાં રખડવાની મજા પડી ગઈ. માત્ર નહાવાના સાબુ વેચતી એક દુકાનમાં જોતાંવેંત ખરીદી લેવાની ઈચ્છા થાય એવા સાબુ હતા. બેલ્જિયમની ચૉકલેટ પ્રસિદ્ધ છે અને ઘેન્ટમાં અમને ઊંચી ગુણવત્તાવાળી ચૉકલેટ બેલ્જિયમનાં બીજા શહેરો કરતાં ઓછા ભાવે મળી. સેન્ટ માઈકલ પુલ પરથી ચાલતાં આજુબાજુ જે દૃશ્યો દેખાઈ રહ્યાં હતાં એમને અમે અમારા આઈપેડમાં સંઘરતા રહ્યા. અત્યારે અમારી ઈન્દ્રિયો અકરાંતિયાની જેમ બધું ગ્રહણ કરી રહી હતી. તેને નિરાંતે વાગોળવાનો ઈરાદો હતો. ત્યાર બાદ સાત યુરોમાં અમે બોટની સવારી લીધી તેના પૈસા વસૂલ થઈ ગયા એવું લાગ્યું. બોટમાં બેસીને શહેર વિશેની માહિતી સાંભળતાં એના અતિપ્રાચીન મકાનો અને એમની સ્થાપત્યકળા નિહાળતા ખૂબ આનંદ અનુભવ્યો. પંદરમી-સોળમી સદીમાં બંધાયેલાં ઘણાં મકાનો અડીખમ ઊભાં છે અને નહેરો આ શહેરના સૌંદર્યમાં ઉમેરો કરે છે.

ઘેન્ટમાં એક બાજુ ઈતિહાસ છે, પ્રાચીનતા છે, તો બીજી બાજુ એમાં આવેલી યુનિવર્સિટીમાં ભણતા પંદર હજાર વિદ્યાર્થીઓને લીધે શહેર યુવાન અને ધબકતું લાગે છે. રાતે તો ઘેન્ટ જાણે દુલ્હનનું રૂપ ધારણ કરે છે. અમે સાંજે બહાર નીકળ્યાં ત્યારે દંગ રહી ગયાં. અમે સવારે જોયેલાં બધાં જ સ્થાપત્યો ઝગમગતી રોશની પહેરીને ઊભાં હતાં! અમારી આંખો સાજે જે દૃશ્ય હતું તે વર્ણવવા શબ્દો ઓછા પડે, અમારાં હૈયાને અમે આલ્હાદમાં સાંગોપાંગ ભીંજાવા દીધાં. ઘેન્ટ નગર જ એવું છે કે તમે એને દિવસે જુઓ કે રાતે, એના પ્રેમમાં પડ્યા વગર ન રહો.


**જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત**

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

## સમસ્ત મહાજનની મહાસમિતિ માટે મોકલાયેલા મુંબઈ મહાજનના ૬૬ સભ્યોની નીમણુંક ગેર બંધારણીય : નામો નક્કી કરવા સર્વ સાધારણ સભા બોલાવાશે

સમસ્ત મહાજનની મહાસમિતિના મોકલવા માટેના મુંબઈ મહાજનના ૬૬ સભ્યોની એક સભા ૧૮-૪-૨૦૧૬ના મળી હતી. સભામાં થયેલી ચર્ચા અને સમજૂતિ પ્રમાણે વ્યવસ્થાપક સમિતિએ હાલમાં મોકલેલા ૬૬ સભ્યોના નામો મહાજનની સર્વસાધારણ સભામાં બોલાવી તેમાં મંજૂર કરાયેલા ન હોઈ તે ગેરબંધારણીય ગણાય.

વિશેષમાં નક્કી થયું હતું કે મુંબઈ મહાજનની ખાસ સામાન્ય સભા બોલાવી ઉપરોક્ત ૬૬ નામો ઉપરાંત મુંબઈના જે જ્ઞાતિજનો ઉમેદવારી કરવા ઇચ્છુક હોય તેમના સહિતના નામોમાંથી ચૂંટણી કે નિમણુંક કરવી.

આ ચર્ચા દરમિયાન રાજેશ છેડા, રમેશ મોતા, લક્ષ્મીચંદ પોલડીયા, રાજેન્દ્ર ખોના આદિએ આ નામો સર્વ સાધારણ સભામાં રજૂ કરવા જોઈએ એ બાબતની બંધારણીય કલમો દર્શાવી હતી. જ્યારે મહાજનના ઉપપ્રમુખ લેરિન ખોનાએ વ્યવસ્થાપકીય સમિતિએ કઈ કલમના આધારે પોતાની રીતે નામો નક્કી કર્યા છે તે બદલ રજૂઆત કરી હતી.


### સંસ્થા સમાચાર મોકલનારાઓ ધ્યાન રાખો.

**સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવાની સૂચના આપ્યા છતાં ઘણી સંસ્થાઓ, કાર્યકર્તા અને આગેવાનો બહૂજ લાંબી વિગતોવાળા સમાચાર મોકલે છે, પ્રકાશ સમીક્ષાની દાયકાઓની પ્રણાલિકા પ્રમાણે વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. આમ છતાં, સમાચાર મોકલનારા આ રીતે ટૂંકાવીને પ્રગટ થયેલા સમાચાર આ બાબત ફોન કરી કે પત્ર લખી તેમની મહત્વની વિગતો ન આપાઈ હોવા બદલ નારાજગી દર્શાવવી ફરિયાદ-દલીલો કરે છે. આથી સૌને વિનંતી કરવાની છે કે ઉપરોક્ત વિગતો પ્રગટ કરવા તે માટેનું યોગ્ય માધ્યમ જાહેરાત છે સમાચાર વિભાગ નહીં. વળી કાર્યક્રમની શરૂઆતમાં નવકાર મંત્ર પઠન થયું, પ્રાર્થના નૃત્ય રજુ થયું કે કયા મહાનુભાવોએ (કેટલીક વખત લાંબી યાદી હોય છે) દિપ પ્રાગટ્ય કર્યું, કયા કાર્યક્રમમાં શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો નાસ્તો કે જમણ લઈને છૂટા પડ્યા, કયા કયા મહાનુભાવો પધારીને પ્રસંગની શોભા વધારી એવી ઔપચારિકતાની વિગતો ને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી.**

## વાત્સલ્યમૂર્તિ વડીલશ્રીને પાંચમી પુણ્યતિથીએ ભાવભરી શ્રદ્ધાંજલિ



જન્મ : તા. ૧૭-૩-૧૯૩૨
અમલનેર





સ્વર્ગવાસ : તા. ૩૦-૪-૨૦૧૧
ડોમ્બીવલી

**સ્વ. શ્રી વિરચંદ રતનશી પ્રેમજી ધરમશી (ભાટે) -** (જખૌ / સાંયરા)

હૈયું હેતનો હિમાલય, સ્નેહ સરિતા સમ વાણી... દિલ દુભાય જો કોઈનું, તો આંખમાં આવે પાણી...
હૈયે તેવું હોઠે જેવી પારદર્શક - નિખાલસ પ્રકૃતિ, મનના માયાળુ, હૈયાના હેતાળ અને હૃદયના ઋજુ,
સહુ પર સ્નેહ વરસાવતા આપ્તજનની વસમી વિદાયથી... શોકમગ્ન પરિવારની એજ પ્રાર્થના કે
હે પરમાત્મા ! એ આત્માને પરમ શાંતિ આપજો....

**-: શ્રદ્ધાંજલિ સુમન અર્પણ કરનાર :-**

પત્ની : **માતુશ્રી હીરબાઈ વીરચંદ ધરમશી**

ભાભી : **વિજયાબેન દેવજી ધરમશી (પટેલ)** પુત્ર-પુત્રવધુ : **અ.સૌ. ચિત્રા કુમારપાલ ધરમશી**

પૌત્ર : **ભાવિક** પૌત્રી : **નિકિતા**

દિકરી-જમાઈ : **પુષ્પાબેન, અ.સૌ. દમયંતી પ્રફુલ લોડાયા, અ.સૌ. મીના મુલચંદ લોડાયા, અ.સૌ. લીલમ તુષાર મોમાયા**

સાસુ-સસરા : **માતુશ્રી લક્ષ્મીબાઈ ચાંપશી મેઘણ મોમાયા પરિવાર** (સાંયરા - મુલુંડ)

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## કોચીનમાં જિનાલય ધ્વજારોહણ તથા નવકાર પટ પ્રતિષ્ઠા કાર્યક્રમ

શ્રી કોચીન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા શ્રી ધર્મનાથ જિનાલયની ૧૧૧મી ધ્વજારોહણ મહોત્સવની ઉજવણીની ઉછમણીનો કાર્યક્રમ રવિવાર તા. ૩/૪/૨૦૧૬ના પુજ્ય મુનિવર શ્રી ધરમપ્રભસાગરજી મ.સા., પુજ્ય મુનિ શ્રી રાજશેખરજી મ.સા., પુજ્ય મુનિ શ્રી ધરમશેખરસાગર મ.સા. તથા નવકાર-આરાધક શ્રી નરેન્દ્રભાઈ નંદુની નિશ્રા માં થયેલ.

જિનાલયનો ધ્વજારોહણ તથા નવકાર પટ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૬ થી ૧૧ મે ૨૦૧૬ના યોજાશે. જેમાં - (૧) શુક્રવાર તા. ૬.૫. નાં - કુંભ સ્થાપના, દીપસ્થાપના, પાટલા પૂજન, જ્વારરોપણ વિધીયો, (૨) શનિવાર તા. ૭.૫.ના અઢાર અભિષેક, (૩) રવિવાર તા. ૮.૫.ના-શ્રી સિદ્ધચક્ર પૂજન, (૪) સોમવાર તા. ૯.૫.ના-પુજ્ય મુનિ શ્રી ધરમશેખરસાગર મ. સા. તથા તેમના પુજ્ય સાંસરિક પિતાશ્રી સોમચંદ લખમશી ધરમશીના વર્ષીતપનું પારણું તથા શ્રી ધર્મનાથ જિનાલયની ૧૧૧મી ધ્વજારોહણ, (૫) મંગળવાર તા. ૧૦.૫. ના - શ્રી હર્ષ દેઢીયા દ્વારા શ્રી નવકાર મંત્રના ભાષ્ય જાપ, (૬) બુધવાર તા. ૧૧.૫.૨૦૧૬ - નવકાર-આરાધક શ્રી નરેન્દ્રભાઈ નંદુની નિશ્રામાં શ્રી નવકાર મંત્ર શક્તિપીઠની પ્રતિષ્ઠા આદિ કાર્યક્રમો યોજાશે.

આ શુભ પ્રસંગે, સંઘમાં પુજ્ય મુનિવર શ્રી ધરમપ્રભસાગરજી મ.સા., પુજ્ય મુનિ શ્રી રાજશેખરજી મ.સા., પુજ્ય મુનિ શ્રી ધરમશેખરસાગર મ.સા. તથા પુજ્ય સાધ્વી શ્રી સૌમ્યપ્રભશ્રીજી મ.સા., પુજ્ય સાધ્વી શ્રી સૌમ્યદર્શનશ્રીજી મ.સા., પુજ્ય સાધ્વી શ્રી અક્ષયદર્શનશ્રીજી મ.સા. નિશ્રા આપશે.

શ્રી નવકાર મંત્ર પટ ભરાવવાનું લાભ શ્રી મણીકાંત વીશનજી ખોના, નલીયા પરિવારે લીધેલ છે.

**WANTED** outlet manager for Fast Food Chain in Mumbai for multiple locations. Independently managed the outlet and drive growth, excellent communication skills, flair for customer service. Age under 35, Salary 15K + Incentives.
**Send rusume on :** adjasventures@gmail.com, Mobile : **098201 88105**

## કોચીન મહાજનની વાર્ષિક સભા

શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતી મહાજન, કોચીનની વાર્ષીક સામાન્ય સભા રવિવાર તા. ૨૭.૦૩.૨૦૧૬ના યોજવામાં આવેલ. મહાજનના ગત વર્ષના હિસાબ તથા અહેવાલની રજુઆત થઈ. શ્રી ક.દ.ઓ. મહિલા મંચનો વાર્ષીક અહેવાલ પણ રજુ કરવામાં આવેલ.

પાસ થયેલ વિદ્યાર્થીઓનું બહુમાન કરી તેઓને ઈનામ આપવામાં આવેલ જૈનોલોજી કોર્સમાં સફળ થયેલ સાધકોનું સન્માન કરવામાં આવેલ. શ્રી સંઘના કુરૂવા સભાગૃહના મુખ્ય દાતા શ્રીમતી ભચીબાઈ શામજી કુરૂવા પરિવારનું બહુમાન કરવામાં આવેલ.

સન ૨૦૧૬-૧૯ની કાર્યવાહિક સમીતિની નિયુક્તી થયેલ. મહાજન કમિટી : ૧. શ્રી કિશોર શામજી કુરુવા, ૨. શ્રીમતિ હંસાબેન જયંતિલાલ દંડ, ૩. શ્રીમતિ ઉષાબેન કિશોર કુરુવા, ૪. શ્રી રાજન મુલચંદ મોમાયા, ૫. શ્રી ગિરીશ મુલચંદ મોમાયા, ૬. શ્રી વિરેન કલ્યાણજી ખોના, ૭. શ્રી લલીત લહેરચંદ લોડાયા, ૮. શ્રી મનીષ જવેરીલાલ લોડાયા, ૯. શ્રી પરેશ નવિન ખોના, ૧૦. શ્રી કેવલ તરૂણ મોમાયા, ૧૧. શ્રી અતુલ કલ્યાણજી લોડાયા, ૧૨. શ્રી હનીશ નિતીન ખોના, ૧૩. શ્રી અરવિંદ જયંતીલાલ દંડ.

## શ્રી કચ્છી જૈન મહિલા મંડળ કલકત્તા

ગુજરાતી મહિલા મંડળની વેસ્ટમાંથી બેસ્ટ વાનગી બનાવવાનો કલકત્તાના કાર્યક્રમ તા. ૯.૩.૨૦૧૬, બુધવારના રોજ યોજાયો હતો. તેમાં પ્રભાબેન ધુલ્લાની પ્રથમ પ્રાઈઝ મળેલ છે. ભાખરીમાંથી ચૂરમાં બનાવેલ મગની દાળના ફોલરામાંથી પરોઠા બનાવેલ, તેમાં સેકન્ડ પ્રાઈઝ મળેલ છે. ઑરેંજ સાડી

**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**
**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**
C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.
**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

ડ્રેસકોડમાં પણ પ્રાઈઝ મળેલ છે.

તા. ૧૧.૩.૨૦૧૬ના રોજ કિર્તીબેન શાહના ઘરે કીટી પાર્ટીનું આયોજન કરવામાં આવેલ. હોળી નિમીતે તૈયાર થઈને આવવાનું હતું તેમાં ભારતી લાલકાને પ્રાઈઝ મળેલ. ગેમ્સમાં હેમલતાબેન શાહ, નયના ખુરીયાને પ્રાઈઝ મળેલ. બીજા ગેમ્સમાં નયના ખુરીયા, ઉષાબેન શાહને પ્રાઈઝ મળેલ.

તા. ૧૨.૩.૨૦૧૬, શનિવારના રોજ પરમપૂજ્ય વિપુલગુણાશ્રી મહારાજ સાહેબની સ્વાસ્થ માટે કચ્છીભુવનમાં જાપ રાખવામાં આવેલ. પ્રભાવના રતનબેન શાહ તરફથી રાખવામાં આવેલ.

તા. ૩૦.૩.૨૦૧૬ના હેમલતાબેનના ઘરે કીટીપાર્ટીમાં ગેમ્સ રમ્યા. બે રૂપિયાના સિક્કાથી ગોળ બનાવા, ૧ મિનિટ તેમાં સાથિયા બનાવવાના. બીજા ગેમ્સ ચોખામાંથી સેફ્ટીપીન કાઢી ચેન બનાવવાની. (૧) મંજરી વીરા - કેતના શાહ, (૨) મીના શાહ - કેતના શાહને પ્રાઈઝ મળેલ.

તા. ૨.૪.૨૦૧૬ના રોજ રેવંતીબેન નાગડા કલકત્તા છોડી જાય છે તેમાટે તેમના તરફથી જાપ રાખવામાં આવેલ. મંડળ વતી ચાંદીના સિક્કાથી તેમનું બહુમાન કરવામાં આવેલ. ઉર્મિલાબેન મોતા, યાશિકા શાહે વિદાય ગીત ગાયેલ તેમના તરફથી મંડળને ૫૦૦/- રૂા. ભેટ મળેલ છે.

તા. ૬.૪.૨૦૧૬ ગુજરાતી મહિલા મંડળમાં શરબતની હરીફાઈમાં (કોકમનું શરબત) પ્રભાબેન ધુલ્લાને પ્રથમ પ્રાઈઝ મળેલ છે.

તા. ૧૯.૪.૨૦૧૬ના રોજ મહાવીર પંચકલ્યાણી પૂજા મંડળ ભણાવેલ. અરવિંદભાઈ શાહ તરફથી સંઘ જમણ કરેલ. મંડળને ૫૦૦/- રૂપિયા ભેટ ભળેલ છે.

## ગુજરાતી શુભેચ્છક મંડળ દ્વારા વીલચેર દાન



ગુજરાતી શુભેચ્છક મંડળ - તિરુપુર દ્વારા તિરુપુર રેલ્વે સ્ટેશન જ્યાં રોજની ૮૦ ટ્રેનો આવે-જાય છે ત્યાં લોકોની સગવડ માટે રેલ્વેના સીનીયર ડીસીએમ શ્રી દામોદરન અને તિરુપુર સ્ટેશન સુપ્રીનેન્ડટ શ્રી કુઈલનની ઉપસ્થિતિમાં બે વીલચેરનું દાન કરાયું છે. એમ મંડળના સહમંત્રી સતીશ એચ. નાગડાએ જણાવ્યું છે.


શ્રી સંભવનાથાય નમઃ

**શ્રી વિઠ્ઠલવાડી અચલગચ્છ જૈન સંઘ**

**પ્રણામ**

સવિનય સાથે જણાવવાનુ કે વિઠ્ઠલવાડી રહેતા અને અત્યાર સુધી કયારે પણ રહી ચૂકેલ જૈન પરીવારોને શ્રી સંઘમાં જોડાવા માટે નમ્ર અપીલ કરીએ છીએ.

સંઘ અને જીનાલયની વહીવટ માટે ચર્ચા વિચારણા બાબત જાહેર મીટીગ **૨૨ મે** રવીવાર સવાર ના ૧૦.૦૦ વાગે

**બ્લ્યુ બર્ડસ સ્કુલ**

ત્ર્યગીતાંજલી, શાંતી નગર, પાંડુરંગવાડી દેરાસર પાસે, ડોંબિવલી પુર્વ

મધ્યે રાખેલ છે.

આપ સૌને પધારવા અને સક્રિય લાભ લેવા માટે હૃદય પૂર્વક વિનંતી

લી. શ્રી વિઠ્ઠલવાડી અચલગચ્છ જૈન સંઘ વતી

ગુલાબ વિસનજી છેડા ૯૮૬૯૯૩૯૨૩૫
અશ્વીન ધનજી મૈસેરી ૯૮૨૦૮૨૧૧૧૧


## શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

### તપ ધર્મનો જય જય કાર

સંવત ૨૦૭૨ના અખાત્રીજ તા. ૯.૫.૨૦૧૬ના રોજ ઈક્ષુરસથી પારણું કરનાર વર્ષીતપના અચલગચ્છીય આરાધકોના અતરપારણા ગુરૂવાર તા. ૨૮.૪.૨૦૧૬ના રોજ બપોર પછી ૨.૦૦ વાગ્યાથી શ્રી માટુંગા ક.મૂ.પૂ. જૈન સંઘની શ્રી નારાણજી શામજી મહાજનવાડી મધ્યે વર્ધમાન તપોનિધિ પૂજ્ય સાધ્વીશ્રી અરૂણોદયશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવન નિશ્રામાં, નવકારનિષ્ઠ આદરણીય શ્રી નરેન્દ્રભાઈ નંદુની રાહબરી હેઠળ યોજાએલ છે. આ પ્રસંગે વર્ષીતપના આરાધકોને સીટ નંબર, માળા તેમજ આમંત્રણ પત્રિકાઓ આપવામાં આવશે અને પારણા મહોત્સવના કાર્યક્રમની જાણ સાથે અન્ય સૂચનો કરવામાં આવશે. સૌ આરાધકોએ સમયસર હાજરી આપવા નમ્ર વિનંતી. વર્ષીતપના અંતિમ ચરણમાં આપ સૌ આરાધકો શાતામાં હશો. અનુમોદના.

**લિ. શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ**

**કલ્પેશ માણેકજી મોતા**

માનદ્ મંત્રી - કન્વીનર

સમૂહ વર્ષીતપ પારણા સમિતિ.

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **નરેશ એચ. નાગડા** (PS 5657) | પુણ્ય પર્વ, એચઆર ૩, ફ્લેટ ૧૦૩, એપ્પલ સરસ્વતી હોસ્પીટલની પાછળ, કદમ વાડી, કોલ્હાપુર - ૪૧૬ ૦૦૫. |
| **રોહિત એમ. લોડાયા** (PS 6542) | બી-૧૪, લક્ષ્મી રેસીડેન્સી, આરટીઓ કોલોની, સાંઈ સંજીવની નગર, બોધિ નગર, નાસિક-પુણે રોડ, નાસિક - ૪૨૨ ૦૦૬. |
| **જયકુમાર હીરાચંદ સોની** (PS 6627) | પ્લોટ નં. ૯૨, વિદ્યુલતા કોલોની, પોદાર હોસ્પીટલ પાસે, ચાલીસગામ - ૪૨૪ ૧૦૧. |
| **હેમંત હીરાચંદ સોની** (PS 7250) | ૯, સ્નેહ સુગંધ, લક્ષ્મી નગર, ચાલીસગામ - ૪૨૪ ૧૦૧. |
| **ભરત હીરજી મૈશેરી** (PS 6983) | C/o. વીરચંદ નરશી કૉટન પ્રા.લી., પ્લોટ નં. ૭૭/૭૮, એન.એચ. નં. ૬, બાયપાસ, મલકાપુર - ૪૪૩ ૧૦૧. |
| **ઉત્તમચંદ શામજી મોતા** (PS 5400) | નથમલ વિલા, બી-૫, મહેશ્વરી ભવન પાસે, શ્રી પાર્શ્વ પદમાવતી કૃપા, ગુરાબાબડી રોડ, નિઝામાબાદ - ૫૦૩ ૦૦૨. |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૦૩-૧૬ | કાંટોલ (નાગપુર) | વીર, મોનાલી ભાવિન સુરેન્દ્ર ખોના | તેરા | પુત્ર |
| ૦૧-૦૪-૧૬ | મુલુંડ | ધિવીજા, જશ્મીલી આદિત્ય ચંદ્રેશ દંડ | લાલા | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૦૪-૧૬ | ઈન્દોર | વિવેક દિનેશ હીરજી દંડ | પરજાઊ | ૩૩ |
| | મુલુંડ | રેશમા હંસકુમાર દામજી મૈશેરી | લાલા | ૩૦ |

### સગપણ છૂટા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧-૦૪-૧૬ | મુલુંડ | ધનરાજ મેઘકુમાર ગોવિંદજી ખોના | કોઠારા | ૨૪ |
| | મુલુંડ | તન્વી ડોલર પ્રતાપ લોડાયા | સુથરી | ૨૪ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૦૩-૧૬ | ડોમ્બીવલી | હેમલ લહેરચંદ સોની | સાંયરા | ૩૨ |
| | વડોદરા | હર્ષા પ્રફુલભાઈ લોડાયા | તેરા | ૨૬ |

### લગ્ન (ભુલ સુધાર)

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૦૪-૧૬ | શ્રીગંગાનગર (રાજ.) | હેમંત હંસરાજ માણેકજી બોરીચા | બાયઠ | ૩૨ |
| | કાંજુર માર્ગ | જસ્મિના મણીલાલ કુંવરજી લોડાયા | સાંયરા | ૩૧ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૪-૧૬ | લાલબાગ | નવલબાઈ પ્રતાપસિંહ દંડ | સુથરી | ૮૨ |
| ૨૧-૦૪-૧૬ | ડોમ્બીવલી | હિંમતલાલ જેવત ખોના | મોટી ખાવડી | ૬૯ |
| ૨૧-૦૪-૧૬ | દહીસર | કુસુમ ચિમનલાલ મૈશેરી | કોઠારા | ૬૧ |
| ૨૩-૦૪-૧૬ | મુલુંડ | ઉત્તમચંદ ડી. ડાઘા | વરાડીયા | ૭૭ |
| ૨૩-૦૪-૧૬ | ડોમ્બીવલી | લીલાવતી ખીમજી ગોશર | બારોઈ | ૮૮ |


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

તન મન ટુર એન્ડ ટ્રાવેલ્સ

9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

ઉનાળુ વેકેશન શરૂ થઈ ગયું છે. તેનો ઉપયોગ પર્યટન, સાહસ, નવું શીખવા સંબંધો જાળવવા અને કેળવવા કરીએ જેથી જીવનની તાજગી જળવાઈ રહે.

*તન-મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ

SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

SANSKAR GURUKUL

ADMISSIONS OPEN
2016-2017

Professionally Trained Teachers
International Teaching Standards
Blended Education
Child Friendly Atmosphere
Student Teacher Ratio 25:1
Personal Attention
Parents Teachers Association

- Extra Curricular Activities
- Audio Visual Room
- Customized Designed Activities
- Indoor/ Outdoor Play area
- Computer Lab, Library & Resource Room
- Festival Celebrations
- Smart class
- Educational Toys
- Cultural Events

Blue Birds School
Trigeetanjali, ShantiNagar, Pandurangwadi,
Dombivli East 0251-2883058 / 7506177005

Nehete Bldg., Shiv Mandir Chowk,
Dr. R.P. Road, Opp. Parsik Bank,
Dombivli East Phone : 8097013853

info@sanskargurukul.com
www.sanskargurukul.com
9820821111 / 9594005511

Om Narsimh Krupa, Old Kamat Bldg.,
Juna Dombivli, Dombivli West
Phone : 7506177006 / 8080613853

HBM English School
Karavale, Post Shrimalang Wadi, Dombivali (E),
Tal: Ambarnath - 9004405656 / 9702853853


## સ્વ. અ.સૌ. લતાબેન સુર્યકાન્ત હીરજી દંડ કે ભાવભરી શ્રધ્ધાંજલિ



જન્મ તા.: ૫-૧-૧૯૪૪
સ્વ. તા. : ૨૯-૩-૨૦૧૬
જીવનયાત્રા ૭૨ વર્ષ

મણીમાં સાધર્મિકભક્તેં કે કોઠી અચેં ઘરે, તેંકે જમાડે વિગર કડેંન કર્યાં જતા
ઈ સુર્યકાંન્તજા ભાર્યા ને દંડે જા કુલવધૂ, વરી લાલેંજા લાખેણી લતા
ચોથે મહાવ્રતજો પાલન કયાં, ઈ કીતરી વડી ગાલ
સંસારમે રૈ સયંમ પારયાં, ઈજ આંજી ખરી કમાલ
વિનાંઈધે જીવન સંગીની જો સાથ, સુર્યકાંન્ત ત થૈ વ્યા સૂનકાર
સુર્યકાંન્તચેં મુંજે મધધરીયે ડોલાઈ વ્યા નાવ, તડેંઆંઉત થ્યો નિરાધાર
નેણાંન ધનલક્ષ્મીજે ૧૦૮ ઉપવાસ ટાણેં, ઈનીજી સેવા કયાં પારાવાર
બ્યો સાધુ-સાધ્વીએંજી, વૈયા-વચ્છ પણ કંઈધા વા જોરધાર
ધર્મપ્રભસાગર-દંડ-મોમાયાને લોડાયા પરિવાર, અરિહંત કે કરીયેં અરદાસ
જે આંજે દિવ્ય આત્માકે, પરમ સુખ-શાંતિ મિલે ખાસ

- રશ્મિન ખોના

-: પાર્થયિતા :-

**શા. હીરજી ખીંયરાજ દંડ પરિવાર** (લાલા)

**માતુશ્રી માનબાઈ વાલજી પુનશી દંડ પરિવાર** (લાલા)
**શા. વેલજી શિવજી મોમાયા પરિવાર** (વરાડીયા)
**માતુશ્રી લક્ષ્મીબાઈ રાયચંદ રતનશી મોમાયા પરિવાર** (વરાડીયા)

**શા. પદમશી ત્રીકમજી મોમાયા પરિવાર** (તેરા)
**માતુશ્રી હીરાવંતી (અમી) જીવરાજ પદમશી ત્રીકમજી પરિવાર** (તેરા)
**શા. ગોવિંદજી પદમશી લોડાયા પરિવાર** (રવા)
**શા. લક્ષ્મીચંદ પદમશી લોડાયા પરિવાર** (રવા)
**શા. નલીન પદમશી લોડાયા પરિવાર** (રવા)

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

# પ્રેમમાં પડી જવાય એવું નગર : ઘેન્ટ – ચંદ્રિકા લોડાયા, જન્મભૂમિમાંથી સાભાર

**આરસપહાણ અને લાકડાનું સુંદર કોતરકામ, ઊંચી છત, સ્ટેઈન બારીઓ અને મનોહર કલાકૃતિઓ અહીંના ચર્ચની ખાસિયતો છે. સાથે પ્રાચીન સ્થાપત્યોનાં દર્શન આ શહેરના પ્રવાસને યાદગાર બનાવે છે.**







યુરોપ પાસે એની સંસ્કૃતિનો અદ્‌ભુત વારસો છે. એનાં અનેક નગરોનું સ્થાપત્ય અને એમની રચના જ એવાં છે કે જાનારાના મોઢામાંથી વાહ નીકળી જાય. આવું જ એક શહેર છે બેલ્જિયમમાં આવેલું ઘેન્ટ. બ્રસેલ્સથી ઘેન્ટ લગભગ ૫૬ કિલોમીયર દૂર છે અને વસતિની દૃષ્ટિએ બેલ્જિયમમાં ત્રીજા નંબરે આવે છે. ઘેન્ટમાં અઢી લાખ લોકો વસે છે અને એ એક મહત્ત્વનું બંદર છે. ઘેન્ટમાં અઢી લાખ લોકો વસે છે અને એ એક મહત્ત્વનું બંદર છે. પરંતુ પ્રવાસીઓને આકર્ષે છે એનું મધ્યકાલીન સ્થાપત્ય, એની નહેરો, નહેરોને કિનારે ધ્યાન ખેંચે એવાં શિખરો ધરાવતાં હારબંધ મકાનો અને અને આ બધુ મળીને નિર્માણ પામતું એક વિશેષ સૌંદર્ય! ઘેન્ટના સ્થાપત્યનું સૌંદર્ય શહેરના હાર્દમાં સમાયેલું છે.

અમે અમારો બેડ એન્ડ બ્રેકફાસ્ટનો ઉતારો શહેરના હાર્દમાં જ લીધો હતો તેથી બધું ચાલીને જોઈ શકાય તેમ હતું. આ ઉતારાના માલિક બે યુવાનો હતા જેમાંનો એક સુરી નામથી હતો અને બીજો બેલ્જિયન હતો. બંને સજાતીય લગ્ન કરીને સાથે રહેતા હતા. સુરીનામના યુવકનું તો કુટુંબ પણ બંનેને મદદ કરવા ત્યાં જ વસતું હતું. અમે રિસેપ્શનની પ્રાથમિક વિધિ પતાવી તરત બહાર નીકળ્યાં. શહેરનું હાર્દ જાણે ચર્ચોનું બનેલું હોય એટલાં બધાં ચર્ચ છે! કેટલાંક વિશાળ, કોઈક મહેલ જેવાં તો વળી કોઈ કાળા છાપરાંવાળાં ! નજીકમાં જ એક નહેર વહી રહી હતી. તેના તટ પર ગોઠવાયેલાં આકર્ષક રેસ્ટોરાં અમારી ક્ષુધિત હોજરીઓને આમંત્રણ આપતાં હતાં. વિનાવિલંબે અમે તે બાજુ વળ્યાં અને જે રેસ્ટોરાનું મેનુ અમને ભાવ અને વાનગીઓ બંનેની રીતે જચ્યું તેમાં પ્રવેશ લીધો. બેલ્જિયમનાં વૉફલ ખૂબ વખણાય છે, અમે એ ખાવાનું કેમ ચૂકીએ? અનનાસ સાથે પીરસાયેલા વૉફલનો સ્વાદ અમારી દાઢમાં રહી ગયો.

**ઘેન્ટ વિશે જાણવા જેવું :** બેલ્જિયમના પાટનગર બ્રસેલ્સથી ઘેન્ટ લગભગ ૫૬ કિલોમીટરના અંતરે આવેલું છે. બ્રસેલ્સના ઍરપોર્ટ પરથી જ ટ્રેન મળે છે જેમાં એકાદ કલાકે ઘેન્ટ પહોંચાય છે. • રહેવા અને જમવાની સગવડ આસાનીથી ઉપલબ્ધ છે.• જો બધાં આકર્ષણો જોવાં હોય તો ઘેન્ટ સિટી કાર્ડ ખરીદવાથી ફાયદો થાય છે, જેમાં બધાં મ્યુઝિયમો અને ઘણાં સ્થાપત્યોના પ્રવેશશુલ્કનો સમાવેશ છે. ઉપરાંત બોટ તથા ટ્રામની સફર પણ આ શહેરમાં કરી શકાય છે.

સેંટ બાવોનું કેથેડઅલ જોવાનું ચૂકવું ન જોઈએ એટલું સુંદર છે. સંગેમરમર અને લાકડાની સુંદર કોતરણી, ઊંચી છત, સ્ટેઈન ગ્લાસથી સુશોભિત બારીઓ અને મનોહર કલાકૃતિઓ જેવી ઉત્તમ ચર્ચમાં જોવા મળતી સુંદર લાક્ષણિકતાઓથી આ ચર્ચ શણગારાયેલું છે. એક ઓરડામાં મૂકવામાં આવેલું સુશોભિત ઑલ્ટર આ ચર્ચ જોવા આવતા પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર છે. આ ધર્મસ્થાનકમાં ગોથિક સ્થાપત્યકળા સાથે ફલેમિશ સ્થાપત્ય પણ વણી લેવામાં આવ્યું છે. ચર્ચની નીચે ભોંયરું છે જેમાં બિશપોની કબરો અને ખજાનો છે. જો સ્થાપત્યો વિશે વધુ જાણકારી મેળવવી હોય તો વોકિંગ ટૂર લેવા જેવી છે. ગાઈડે અમને લગભગ અઢી કલાક બધાં સ્થાપત્યોમાં ફેરવ્યાં એ દરમિયાન કળા, સ્થાપત્ય અને શહેરનાં ઈતિહાસ અને સંસ્કૃતિ વિશે ઘણું જાણવા મળ્યું. બેલફ્રાય ટાવર પરથી ઘેન્ટ શહેરનું સુંદર દૃશ્ય દૃષ્ટિગોચર થાય છે. ટોચ પર જવા પગથિયા ન ચડવાં હોય તો લિફ્ટની સગવડ છે. ઉપરના માળે મોટો ઘંટ છે જેને દર કલાકે વગાડવાની મશીનરી એથી ય ઉપર છે. ઘંટ શી રીતે બને છે એ વિશે વિડિયો બતાવવામાં આવે છે જે જોવાનું અમને ગમ્યું અને એક ઘંટ બનાવવામાં કેટલી મહેનત પડે છે એનો ખ્યાલ આવ્યો.

અનુસંધાન ૧૪મા પાને

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,